પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૭૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૦૭-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નવસારીની ૩ નદીઓએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું

## પૂરના પાણીએ આખેઆખા ગામ ડૂબાડ્યા ૧૬ ઈંચ વરસાદથી આખા વાંસદાએ જળસમાધિ લીધી

નવસારી,

નવસારીમાં સાંબેલાધાર વરસી રહેલા વરસાદથી હવે લોકો તોબા પોકારી ઉઠ્યા છે. કારણ છેલ્લા ૪ દિવસોમાં નવસારી શહેરની લોકમાતા પૂર્ણા નદીમાં પુરની સ્થિતિ બનતા હજારો લોકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સતત ત્રીજા દિવસે ઝડપથી વધેલા પાણી અને વધુ પડતા પાણીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઘરોમાં કેડસમા દૂષિત પાણી હોવાથી રોગચાળો ફેલાવાની દહેશત વધી છે. મૂશળધાર વરસાદમાં નવસારીની નદીઓમાં પૂર જેવી સ્થિતિ ઉદભવી છે. પૂર્ણા નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા તબાહીના દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. નીચાણવાળા વિસ્તારોના ઘરોમાં ભરાયા પાણી છે. તંત્ર દ્વારા લોકોને સલામત સ્થળે જવા અપીલ કરાઈ છે.

એક જ રાતમાં નવસારીના વાંસદામાં આભ ફાટ્યું છે. વાંસદા તાલુકામાં આજે સવારે ૬ વાગ્યે પુરા થતા ૨૪ કલાકમાં ૩૯૪ મિમી વરસાદ આકાશમાંથી ઝીંકાયો છે. વાંસદામાં ૨૪ કલાકમાં ૧૫.૭૬ ઈંચ વરસાદ નોંધાતા ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. તો જિલ્લાના ખેરગામ તાલુકામાં પણ ૨૨૯ મિમી એટલે ૯.૧૬ ઈંચ વરસાદ પડ્યો છે. નવસારી સહિત ઉપરવાસમાં ભારે વરસાદને કારણે જિલ્લાની નદીઓમાં ઘોડાપૂર આવી ગયા છે. આ કારણે નવસારીમાં લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં જળબંબાકારની સ્થિતિ બની



છે. નવસારીની નદી કિનારાના ગામડાઓ અને નવસારી તથા બીલીમોરા શહેરના નીચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા છે. જિલ્લાની સ્થિતિને જોતા વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર મૂકી દેવાયા છે. જિલ્લામાં પૂરની સ્થિતિને જોતા બે NDRF ની ટીમ કાર્યરત કરાઈ છે.

વાંસદાના પૌરાણિક ઉનાઈ માતાજી મંદિર આસપાસ પાણી જ પાણી દેખાયા છે. વાંસદા સહિત ઉપરવામાં પડેલા સાંબેલાધાર વરસાદને કારણે ઉનાઈ યાત્રાધામમાં પાણી ભરાયા છે. ઉનાઈ ગામના મુખ્ય માર્ગો પર ત્રણ ફૂટ જેટલા પાણી ભરાતા માઈભક્તોને હાલાકી પડી રહી છે.

નદીની જળસપાટી વધતા નવસારીમાં પૂરનો ખતરો તોળાઈ રહ્યો છે. પૂર્ણા નદીની જળસપાટી ૨૩ ફૂટે પહોંચતા એલર્ટ મૂકાયુ છે. કાવેરી અને અંબિકાની પણ એવી જ સ્થિતિ છે, બંનેની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. નદીકાંઠાના વિસ્તારોમાંથી લોકોને ખસી જવા અને લોકોને આશ્રય સ્થાનોએ જવા કલેક્ટરે અપીલ કરી છે. નવસારી જિલ્લામાં પૂરની સ્થિતિને પગલે તંત્ર અલર્ટ મોડમાં આવી ગયુ છે. નવસારી શહેરમાં વરસાદના પગલે સીટી બસ સેવા બંધ રાખવાનો નિર્ણય લેવાયો.

ડાંગ અને સુરત જિલ્લામાં પડી રહેલા અનરાધાર વરસાદની સીધી અસરથી નદીઓના જળસ્તરમાં વધારો થાય છે અને પરિણામે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોએ ભોવાવવું પડે છે. પૂર્ણા નદીમાં રાત્રે પાણી વધતા લોકોએ પોતાની ઘરવખરી તેમજ કિંમતી સુરક્ષિત સ્થળે લઈ જવા સાથે પોતાને પણ સલામત રાખવા પડે છે. લોકોના ઘરોમાં પાણી ભરાતા ઘણા રાતે ઘર નજીક જ બેસીને ઉજાગરો કરી રહ્યાં છે, જ્યારે સવારે પાણી ઉતરતા લોકો ઘરની સફાઈ કરીને થાકે છે. જ્યારે ફરી રાતે વરસાદની ધમાકેદાર બેટીંગને કારણે રાત્રે ફરી સામાન ખસેડવો પડે છે અને ઉજાગરો પણ કરવો પડી રહ્યો છે. ત્યારે ત્રીજા દિવસે ઝડપથી વધેલા પાણી અને વધુ પડતા પાણીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઘરોમાં કેડ સમા પાણી દૂષિત હોવાથી એમાં પલડવાને કારણે રોગચાળો ફેલાવાની દહેશત વધી છે. જ્યારે પાણી ઓસરતા હવે પાણી ઓસર્યા બાદ સફાઈ વહેલી થાય એવી માંગ પણ અસરગ્રસ્તો કરી રહ્યા છે.

નવસારી જિલ્લાના ઉપરવાસ ડાંગ જિલ્લાના તમામ તાલુકાઓમાં ૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જેમાં સુબીર તાલુકામાં ૮ ઈંચ વરસાદ ખાબકતા પૂર્ણા નદી ફરી ગાંડીતૂર બની છે. ઉપરવાસમાંથી વરસાદી પાણી નવસારી પહોંચતા, નવસારીમાં જળ સપાટી ૮ થી ૧૦ વાગ્યા સુધીના ૨ કલાકમાં જ ૩ ફૂટ વધીને ૨૪ ફૂટ થઈ હતી. જેને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારમાં ઝડપથી પાણી વધતા લોકોએ પોતના બાળકોને ખભે ઉંચકીને બહાર કાઢવા પડ્યા હતા. જ્યારે ઝડપથી વધતા પાણીને કારણે તંત્ર દ્વારા નવસારી-સુરત રાજ્ય ધોરીમાર્ગને બંધ કરી દીધો હતો, જેને કારણે વાહનવ્યવહારને મોટી અસર પડી હતી અને લાંબો ચકરાવો મારવો પડ્યો હતો. જ્યારે પાણી ભરાવાની વાત જાણતા જ શહેરીજનો પાણી જોવા વિરાવળ જકાતનાકે આવવા માંડતા પોલીસે પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પરંતુ નફફટ લોકો પોલીસની વાતને પણ માનતા ન હતા અને પોલીસે તેમને સમજાવવમાં માથાકૂટ કરવી પડી હતી.

## રાજ્યની ૧૫૬ નગરપાલિકાઓને કુલ રૂ.૧૭.૧૦ કરોડની સહાય રાજ્ય સરકાર આપશે

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં થયેલા અતિભારે વરસાદની સ્થિતીને કારણે નગરોમાં ભરાયેલા પાણીના નિકાલ સહિતની જાહેર સાફસફાઈ કામગીરી માટે નગરપાલિકાઓને નાણાં સહાય આપવાનો નિર્ણય કર્યો છે. આ હેતુસર તેમણે રાજ્યની ૧૫૬ નગરપાલિકાઓને કુલ ૧૭.૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવાની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને આ અંગેના સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા છે. તદઅનુસાર, નગરોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ, રોગચાળો અટકાવવા ઘન કચરાનો નિકાલ, પીવાના શુધ્ધ પાણીની વ્યવસ્થા તેમજ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા માટે નાણાકીય સહાયની જે જરૂરિયાત ઉભી થઈ છે તે માટે મુખ્યમંત્રીશ્રીએ આ ૧૭.૧૦ કરોડ રૂપિયા ફાળવવાની સૈધ્ધાંતિક અનુમતિ આપી છે.આ હેતુસર રાજ્યની તમામ ૧૫૬ નગરપાલિકાઓને પ્રાથમિક તબક્કે તાત્કાલિક ધોરણે સુવિધાઓ પૂરી પાડવા આ ગ્રાંટ ઉપયોગમાં લેવાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નાણાંકીય સહાયના જે ધોરણો નિર્ધારિત કર્યા છે તે મુજબ "અ" વર્ગની ૨૨ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ રૂ. ૨૦ લાખ પ્રમાણે કુલ રૂ. ૪.૪૦ કરોડની રકમ અપાશે. બ" વર્ગની ૩૦ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૧૫ લાખ પ્રમાણે કુલ રૂ. ૪.૫૦ કરોડ ફાળવવામાં આવશે. ક" વર્ગની ૬૦ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ રૂ. ૧૦ લાખ પ્રમાણે કુલ રૂ. ૬ કરોડ આપવામાં આવશે. ડ" વર્ગની ૪૪ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૫ લાખ પ્રમાણે કુલ રૂ. ૨.૨૦ કરોડની રકમ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ૧૭.૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરતાં હવે રાજ્યના નગરપાલિકા વિસ્તારોમાં વરસાદી સ્થિતિ પછીની સાફ સફાઈ અને ભરાયેલા વરસાદી પાણીના નિકાલ સહિતની નગર સુખાકારી કામગીરીમાં વધુ ગતિ આવશે.

## સંસદમાં તાનાશાહ, જયચંદ, લોલીપોપ જેવા શબ્દો પર પ્રતિબંધ, કોંગ્રેસથી લઈને TMCએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું

નવીદિલ્હી,

ચોમાસુ સત્ર પહેલા લોકસભા સચિવાલય દ્વારા સંસદના બંને ગૃહોમાં કેટલાક શબ્દો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. મતલબ કે તેમની યાદીમાં સામેલ આ શબ્દો હવે સાંસદો વતી બોલવા પર પ્રતિબંધ રહેશે. તેમાં બાળ બુદ્ધિ સાંસદ, શકુની, જયચંદ, લોલીપોપ, ચાંડાલ ચોકડી, સરમુખત્યાર જેવા શબ્દોનો સમાવેશ થાય છે, જે સાંસદો તેમના સંબોધનમાં ઉપયોગ કરી શકશે નહીં.

આ શબ્દોને બિનસંસદીય જાહેર કરવામાં આવ્યા છે. હવે લોકસભા સચિવાલયની આ માર્ગદર્શિકા પર વિપક્ષ ની પ્રતિક્રિયા



આવી છે. આ અંગે વિપક્ષે સરકાર પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ આ મામલે ટ્વીટ કરીને સરકારને ઘેરી છે. તેમણે પોતાના ટ્વીટમાં કહ્યું છે કે, સરકારનો ઈરાદો એ છે કે જ્યારે તે ભ્રષ્ટાચાર કરે છે ત્યારે તે ભ્રષ્ટ ન હોવો જોઈએ, ભ્રષ્ટાચારને 'માસ્ટરસ્ટ્રોક' કહેવા જોઈએ. જો તમે ૨ કરોડ નોકરીઓ, ખેડૂતોની આવક બમણી કરો જેવા રેટરિક ફેંકો તો તેને 'આભાર' કહેવું જોઈએ, જુમલાજીવી નહીં. દેશના અન્નદાતાઓ માટે સંસદમાં આંદોલનજીવી શબ્દનો ઉપયોગ કોણે કર્યો?

બીજી તરફ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ આ મામલે સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું, બેસો, બેસો, પ્રેમથી બોલો. લોકસભા અને રાજ્યસભા માટે બિનસંસદીય શબ્દોની યાદીમાં સંઘી નથી. વાસ્તવમાં વિપક્ષ જે શબ્દો વાપરે છે તે તમામ શબ્દો સરકારે તેમાં સામેલ કર્યા છે. બીજેપી ભારતને કેવી રીતે બરબાદ કરી રહી છે તે બતાવવા માટે આવું કરવામાં આવ્યું છે અને આ શબ્દો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

કોંગ્રેસ નેતા અભિષેક મનુ સિંઘવીએ પણ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ટ્વીટ કરીને કહ્યું, જો તમે સંસદમાં ટીકા કરતી વખતે રચનાત્મક નથી, તો આવી સંસદનું શું મહત્વ છે. જો તમે જુમલાજીવીને જુમલાજીવી ના કહો તો શું કહેશો? આ શબ્દો પર પ્રતિબંધ મૂકવો તદ્દન અયોગ્ય છે. લોકસભા સચિવાલયે અસંસદીય શબ્દો ૨૦૨૧ શીર્ષક હેઠળ કેટલાક શબ્દો અને વાક્યોની નવી પુસ્તિકા તૈયાર કરી છે. તેને અસંસદીય અભિવ્યક્તિ કહેવામાં આવે છે.

## જાહેર વિજ્ઞપ્તિ

### પાનમ જળાશય યોજના આધારિત મુખ્ય નહેરને સિંચાઈ માટે ખરીફ ઋતુ ૨૦૨૨ દરમ્યાન વહેવડાવવાનું આયોજન. (ધરૂવાડિયા માટે)

### પાનમ પિયત વિસ્તારના લાભિત સિંચાઈકારો તથા મંડળીઓ જોગ.

**"સહભાગી સિંચાઈ વ્યવસ્થા એટલે ખેડુતોની, ખેડુતો માટેની, ખેડુતો દ્વારા ચાલતી વ્યવસ્થા"**

**"ચાલો આપણે સહભાગી સિંચાઈ વ્યવસ્થાને સફળ બનાવીએ"**

**"જળ બચાવો જીવન બચાવો, ટપક પધ્ધતિ અપનાવો"**

આથી પાનમ જળાશય યોજનાના ખેડૂત–ખાતેદારો તથા મંડળીઓ જોગ જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૨૨ દરમ્યાન અત્રેની પાનમ યોજનાની નહેરો દ્વારા ડાંગરના ધરૂં અર્થે ૨૦૨૨ માટે ડીસ્ટ્રીબ્યુટરી/માઈનોર/સબમાઈનોરમાં રોટેશનના નક્કી થયેલ તબક્કા મુજબ પાનમ મુખ્ય નહેરમાં નહેર ચાલુ/બંધ રાખી તા.૨૭/૦૭/૨૦૨૨ સુધી પાણી આપવાનું આયોજન નીચેની શરતોને આધિન કરેલ છે.

**પાનમ મુખ્ય નહેરમાં નહેર ચાલુ/બંધ રાખવાનો રોટેશનનો સમયગાળો**

ઉનાળુ ઋતુ ડાંગરના ધરૂં અર્થે ૨૦૨૨ મા પાનમ જળાશયમાં સિંચાઈ દરમ્યાન પાનમ મુખ્ય નહેરમાં નહેર ચાલુ/બંધ રાખવા અંગેનું આયોજન.

| નહેરનું નામ | નહેરમાં પ્રવાહ વહેવડાવવાનો સમયગાળો | | | નહેરમાં પ્રવાહ બંધ રાખવાનો સમયગાળો | | | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| પાનમ મુખ્ય નહેર | ૧૩-૦૭-૨૦૨૨ | થી | ૨૭-૦૭-૨૦૨૨ | - | - | - | ડાંગરના ધરૂં અર્થે |

શરતો :–

૧. પાનમ જળાશયમાં પીવાના પાણી માટેનો જથ્થો જુલાઈ–૨૦૨૩ સુધી અનામત રાખવાનો રહેશે.

૨. પાનમ જળાશયમાં પાણી ના હયાત જથ્થાને ધ્યાનમાં રાખી ઘાસ–ચારા માટે આપવામાં આવનાર થનાર વપરાશથી મહત્તમ વિસ્તારને લાભ મળે તે રીતે સિંચાઈ કરવામાં આવે તેનું ધ્યાન રાખવાનું રહેશે.

૩. આગામી ચોમાસુ ઋતુ લંબાય તેવા સંજોગોમાં સિંચાઈ લાભન્વિતોને ચોમાસે ખરીફ સિંચાઈ માટે આગામી પાણી આપી શકાશે નહીં.

૪. પિયત મંડળી વિસ્તારમાં પાણી આપવાની અગ્રીમતા આપવામાં આવશે.

૫. પિયત મંડળી વિસ્તારમાં જે ખેડૂતો સભ્ય થયેલ નથી. તેઓશ્રીએ પાણીની વહેંચણી મંડળીના પરામર્શમાં કરવાની રહેશે.

૬. ધરૂવાડિયા માટેનું ફોર્મ ભરવાનું રહેશે.

૭. જે ખેડૂતોએ સિંચાઈનું ફોર્મ ભરેલ નહીં હોય તેવા ખેડૂતોને પાણી આપવામાં આવશે નહી અને બિનઅધિકૃત રીતે પાણી લેવામાં આવશે તો નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૮. ખેડૂતોએ પિયાવો સમયસર ભરી દેવાનો રહેશે.

૯. જે માઈનોર ઉપર ૪૦ % કરતા ઓછા ફોર્મ આવેલ હશે તે નહેરોમાં પાણી વહેવડાવવામાં આવશે નહી.

૧૦. દરેક રોટેશન દરમ્યાન બાગાયતદારોને આપવામાં આવેલ સિંચાઈનું પાણી પ્રતિપ્રાણ હેકટર પ્રમાણે આકારણી કરવામાં આવતી હોય પાણીનો કરકસર યુક્ત ઉપયોગ કરવા વિનંતી છે.

૧૧. ફિલ્ડ ચેનલની સાફ–સફાઈ તેમજ મરામત સિંચાઈકારોએ જાતે અગાઉથી કરીને પાણીનો બગાડ અટકાવવા વિનંતી છે.

૧૨. રોટેશનની તારીખમાં શક્ય હશે ત્યાં સુધી કોઈ ફેરફાર કરવામાં આવશે નહિ, રોટેશન દરમ્યાન ખેડુતોએ તારીખ પ્રમાણે જરૂરીયાતઅનુસાર સિંચાઈનું પાણી મેળવી લેવાનું રહેશે. આકસ્મિક સંજોગોમાં નહેર વહેવડાવવા માટે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ફેરફાર થયેલ નહેર વહેવડાવવાનો પ્રોગ્રામ સ્થાનિક કચેરીએથી મેળવી લેવાનો રહેશે.

૧૩. બાગાયતદારોએ તેમનો વારો ન આવેલ હોય, તેમ છતાં જાતે નહેરમાંથી પાણી લેવાનો પ્રયત્ન ન કરવો. સિંચાઈ વિભાગના ક્ષેત્રિય અધિકારી/કર્મચારીઓ દ્વારા રોટેશન દરમ્યાન અધિકૃત બાગાયતદારોને પાણી આપવામાં આવશે.

૧૪. નહેરમાંથી પાણીની વિતરણ વ્યવસ્થા માટે સિંચાઈ વિભાગના અધિકારી/કર્મચારીઓને સાથ સહકાર આપવા વિનંતી.

૧૫. ડીસ્ટ્રીબ્યુટરી, માઈનોર/સબમાઈનોરનો રોટેશન પ્રોગ્રામ સ્થાનિક કચેરીએથી મેળવી લેવાનો રહેશે. અથવા વિભાગના કર્મચારીના સંપર્ક કરવાનો રહેશે.

૧૬. ઢાળિયાની સાફસફાઈ, મરામત દેખભાળ બાગાયતદારોએ કરવાની રહેશે.

૧૭. કેનાલમાં ચાલુ બંધ કરવા માટેનો આખરી નિર્ણય વિભાગનો રહેશે.

૧૮. ડેમમાં પાણીનો જથ્થો ઓછો હોય પિયત મંડળી ખાતેદારોએ કરકસર પૂર્વક પાણીનો ઉપયોગ કરવાનો રહશે.

૧૯. કેનાલના પાણી માટે કોઈ હક્ક દાવો કરી શકશે નહિ. પાણીના જથ્થાને આધારિત સિંચાઈ કરવાની રહેશે.

૨૦. કેનાલમાંથી પાણી ઢાળીયા માં તેઓ ખાતેદારોએ જાતે પાણી વહેડાવી લઈ જવાનું રહેશે.

૨૧. ઢાળીયા લીકેજ અથવા પાળા લિકેજની જવાબદારી વિભાગની રહેશે નહિ.

**કાર્યપાલક ઈજનેર**
**પાનમ સિંચાઈ વિભાગ**
**ગોધરા**

માહિતી/ગોધરા/૩૩૪/૨૦૨૨

## સુપ્રિમ કોર્ટે શાળામાં કોમન ડ્રેસકોડ અરજી લિસ્ટ કરવાનો ઈન્કાર કર્યો

દેશમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓમાં સમાન ડ્રેસ કોડ લાગુ કરવાની માંગ સાથે દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજીને ગુરુવારે સુપ્રિમ કોર્ટે લિસ્ટ કરવાનો ઈન્કાર કર્યો હતો. અરજી લિસ્ટ કરવાનો ઈન્કાર કરતા સુપ્રિમ કોર્ટે કહ્યું કે દરેક મુદ્દા પરજાહેરહિતની અરજી કરવાની જરૂર નથી. તેમની ફરિયાદ સંસદ સમક્ષ રજુ કરે. હિજાબ પીટીશનની સાથે આ અરજીની અરજન્ટ લિસ્ટિંગની માંગ કરવામાં આવી હતી, જોકે ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા એન.વી. રમન્નાએ કહ્યું હતું કે દરેક કેસમાં પીઆઈએલ દાખલ ન કરી શકો. તમે હમેશા આ રીતે કઈ રીતે આવી શકો. શું સંસદ કાર્યરત નથી. કોર્ટે કહ્યું કે હિજાબ પીટીશન લાંબા સમય પહેલા દાખલ કરવામાં આવી હતી અને વર્તમાન અરજીને જૂની પીટીશન સાથે લિસ્ટ કરવાનો ઈન્કાર કર્યો હતો. અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં રજુઆત કરવામાં આવી હતી કે માન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સ્ટાફ અને વિધાર્થીઓ વચ્ચે સામાજિક સમાનતાની અને બંધુત્વ ગૌરવ એકતા રાષ્ટ્રીય એકીકરણને પ્રોત્સાહન આપવા માટે સમાન ડ્રેસ કોડ હોવો જોઈએ.

## ખરાબ હવામાનને કારણે પહેલગામ અને બાલટાલથી અમરનાથ યાત્રા પર પ્રતિબંધ

શ્રીનગર,

ખરાબ હવામાનને કારણે બાલટાલ અને પહેલગામ બંને જગ્યાએથી અમરનાથ યાત્રાને રોકી દેવામાં આવી છે. આમ છતાં આ યાત્રામાં ભાગ લેનાર શ્રદ્ધાળુઓનો ઉત્સાહ ઓછો થયો નથી. શ્રદ્ધાળુઓએ અમરનાથ યાત્રા પર મહેબૂબા મુફતીના રાજકીય નિવેદનની નિંદા કરતા કહ્યું છે કે તે આસ્થાની બાબત છે જે તેમને યાત્રા પર લાવે છે અને કોઈ રાજકીય હેતુ માટે નહીં.

વાસ્તવમાં, પીડીપી પ્રમુખ મહેબૂબા મુફતીએ બુધવારે કેન્દ્ર સરકાર



પર સમિતિ દ્વારા ભલામણ કરાયેલ સંખ્યા કરતાં વધુ શ્રદ્ધાળુઓને મંજૂરી આપીને અમરનાથ યાત્રાને "રાજકીય મુદ્દો" બનાવવાનો આરોપ મૂક્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે પર્યાવરણીય પરિસ્થિતિઓ એક દિવસમાં પાંચ હજારથી વધુ શ્રદ્ધાળુઓને અમરનાથની પવિત્ર ગુફાની મુલાકાત લેવાની મંજૂરી આપતી નથી.

મહેબૂબા મુફતીએ વધુમાં કહ્યું કે એક દિવસમાં હજારો લોકોને અમરનાથની પવિત્ર ગુફામાં મોકલવામાં આવી રહ્યા છે, જેના કારણે વાદળ ફાટવાની ઘટના બની. પીડીપીના વડાએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે વહીવટીતંત્રે વાદળ ફાટવાની ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની વાસ્તવિક સંખ્યા છુપાવી છે અને અમને ખબર નથી કે તેઓ આવું કેમ કરી રહ્યા છે.

જણાવી દઈએ કે, હાલમાં ખરાબ હવામાનને કારણે અમરનાથ યાત્રા પર બાલટાલ અને પહેલગામ બંને જગ્યાએથી પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, આગળની સૂચના સુધી મુસાફરી અટકાવવામાં આવશે.

## મહારાષ્ટ્રમાં પેટ્રોલ-ડીઝલમાં ૮ રુપિયાનો ઘટાડો, બુલેટ ટ્રેનને તમામ મંજૂરી : શિંદે સરકારના એકઝાટકે બે મોટા નિર્ણય

મુંબઈ,

મહારાષ્ટ્રની શિંદે સરકારે પ્રજાને રાહત આપતા વેટના દરમાં ઘટાડો કર્યો છે જેને પરિણામે પેટ્રોલ ૫ રુપિયા અને ડીઝલ ૩ રુપિયા સસ્તું થયું છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાનીમાં મળેલી મહારાષ્ટ્ર કેબિનેટની બેઠકમાં બુલેટ ટ્રેન સંબંધિત એક મોટો નિર્ણય લેવાયો છે. મહારાષ્ટ્ર સરકારે બુલેટ ટ્રેનની બાકી રહેલી તમામ મંજૂરીઓ આપી દેવાનો નિર્ણય લીધો છે.

શિંદે સરકારની તમામ મંજૂરીઓ મળ્યાં બાદ બુલેટ ટ્રેનનું કામકાજ ઝડપી ગતિએ આગળ વધશે. અત્યાર સુધી તો મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીની સરકાર હતી તેથી અમુક પ્રકારની મંજૂરીઓ અટવાઈ હતી. પરંતુ હવે સરકારે તેને તમામ પ્રકારની મંજૂરીઓ આપી દીધી છે. કેબિનેટની બેઠકમાં વેટ ઘટાડવાનો પણ નિર્ણય લેવાયો છે. વેટ ઘટાડતા રાજ્યમાં પેટ્રોલ ૫ રુપિયા અને ડીઝલ ૩ રુપિયા સસ્તું થયું છે.

મુંબઈમાં પેટ્રોલ અત્યારે ૧૧૧.૩૫ રૂપિયા અને ડીઝલ ૯૭.૨૮ રૂપિયા લિટર વેચાઈ રહ્યું છે. આ ઘટાડા બાદ પેટ્રોલ ૧૦૬.૩૫ રૂપિયા અને ડીઝલ ૯૭.૨૮ રૂપિયા લિટર મળશે. પુણેમાં પેટ્રોલની કિંમત ૧૦૫.૮૮ રૂપિયા પ્રતિ લિટર હશે, જ્યારે ડીઝલની કિંમત એક લીટર માટે ૯૨.૩૭ રૂપિયા હશે.

નવા દર લાગુ થયા બાદ ઠાણેમાં એક લીટર પેટ્રોલની કિંમત ઘટીને ૧૦૬.૪૯ રૂપિયા થઈ જશે. ઠાણેમાં ડીઝલની કિંમત ઘટીને ૯૪.૪૨ રૂપિયા પ્રતિ લિટર થઈ જશે.

## કોંગ્રેસે હરીશ રાવતની વિરૂધ્ધ દુષ્પ્રચારમાં સામેલ નેતાઓ પર કાર્યવાહી કરવાની પોલીસ મહાનિર્દેશક સમક્ષ માંગ કરી

દહેરાદુન,

કોંગ્રેસના એક પ્રતિનિધિમંડળે ઉત્તારાખંડના પોલીસ મહાનિર્દેશક અશોકકુમારની મુલાકાત કરી પાર્ટીના વરિષ્ઠ નેતા હરીશ રાવતની બાબતમાં દુષ્પ્રચાર માટે ભાજપના નેતાઓની વિરૂધ્ધ કાનુની કાર્યવાહીની માંગ કરી છે.ઉત્તરાખંડ પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ મથુરા દત્ત જોશીના નેતૃત્વમાં પાર્ટી પ્રતિનિધિમંડળે કહ્યું કે ભાજપ નેતાઓએ વિધાનસભા ચુંટણીના પ્રચાર દરમિયાન રાવત પર સતત એ વાતને લઈ હુમલો કર્યો કે તેમણે સત્તામાં આવવા પર મુસ્લિમ વિશ્વ વિદ્યાલયની સ્થાપનાનો કહેવાતી રીતે વચન આપ્યું છે જયારે હકીકતમાં રાવતે આ રીતની વિશ્વ વિદ્યાલયની બાબતમાં કયારેય કોઈ નિવેદન આપ્યું નથી

પ્રતિનિધિમંડળે કહ્યું કે આ ખોટો પ્રચાર હરીશ રાવતની સામાજિક અને રાજનીતિક તસવીરને ખરાબ કરવાનો પ્રયાસ હતો કોંગ્રેસ નેતાઓએ કહ્યું કે મુસ્લિમ વિશ્વ વિદ્યાલયને લઈ આરોપોનું રાવત દ્વારા સતત ખંડન કરવામાં આવ્યા છતાં ભાજપ નેતાઓએ રાજનીતિક રીતે નુકસાન પહોંચાડવા માટે તેમના પર આ આરોપ લગાવવાનું જારી રાખ્યું પ્રતિનિધિમંડળે કહ્યું કે ભાજપ નેતાઓએ સોશલ મીડિયા પર હરીશ રાવતની એક ફોટોશોપ તસવીર પણ નાખી અને તેને ઉત્તરાખંડમાં મુસ્લિમ વિશ્વ વિદ્યાલયવાળા નિવેદનથી જોડી દીધા પ્રતિનિધિમંડળે રાવતની વિરૂધ્ધ ખોટા પ્રચારમાં સામેલ લોકોની વિરૂધ્ધ યોગ્ય કાનુની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પરમાર નીલેશભાઈ મકનભાઈ

તરફથી અભીનંદન....

મુ. ભાણપુર-મંડોર, તા. ધાનપુર, જી. દાહોદ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## કડાણા તાલુકાના માલવણ ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રાનું ઢોલ-શરણાઈ સાથે સ્વાગત કરાયું

લુણાવાડા, મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના માલવણ ગામ ખાતે સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તથા બે દાયકાની સરકારની ઉપલબ્ધિથી લોકો અવગત થાય તે હેતુસર વંદે વિકાસ રથનું આગમન થયું હતું. આ પ્રસંગે વિકાસ રથનું ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય કક્ષાના ડો કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં ઢોલ-શરણાઈ સાથે સ્વાગત કરાયું.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, સરકારની વિવિધ યોજનાઓથી છેવાડાના માનવીનો આર્થીક વિકાસ વધ્યો છે. ત્યારે દેશભરમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ૨૦ વર્ષ પહેલાની પરિસ્થિતિ અને ૨૦ વર્ષમાં થયેલો ગુજરાતનો વિકાસ બંને વચ્ચેનો તફાવત આપણે જોઈ શકીએ છીએ. ગુજરાત સરકારની ૨૦ વર્ષની સિદ્ધીઓને લોકો સુધી પહોંચાડવા માટે આ રથ ગામેગામ ભ્રમણ કરી રહ્યો છે. પ્રધાનમંત્રી જન ધન યોજના થકી છેવાડાના માનવીના ખાતા ખોલાવી ડાયરેક્ટ ખાતામાં લાભો આપવામાં આવે છે. બાળકોને સરકાર દ્વારા વિના મૂલ્ય ગણવેશ અને પુસ્તકો આપવામાં આવે છે.અને ડબલ એન્જિનની સરકાર ડબલ ગતિએ કામ કરી રહ્યુ છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ખેડૂતોને સન્માનની સાથે તેમની આવક પણ બમણી થાય તે માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો પણ લાભ મળી રહ્યો છે. આયુષ્માન કાર્ડ હેઠળ પ્રત્યેક વ્યકિતને ગંભીર બીમારીમાં પાંચ લાખનો વીમો, સહિતના અનેક જનસેવાના પ્રકલ્પો લોકો સુધી પહોંચાડવામાં કેન્દ્ર -રાજ્ય સરકાર સફળ રહી હોવાનું ઉમેર્યું હતુ.

આ પ્રસંગે મંત્રી ડિંડોર સહિત ઉપસ્થિત મહાનુભાવોઅને સર્વે ગ્રામ જનોએ વંદે ગુજરાત ફિલ્મ નિદર્શનની નીહાળી હતી.

આ પ્રસંગે મહીસાગર જિલ્લા આરોગ્ય શાખા દ્વારા કોરોના રસીકરણ, પૂરક પોષણ, આરોગ્ય તપાસ જેવા કાર્યક્રમોનું આયોજન વંદે ગુજરાત વિકાસ યાત્રાના સ્થળ પર કરવામાં આવ્યું હતું, જેનો લાભ ઉપસ્થિત લોકોએ બહોળી સંખ્યામાં લાભ લઈ આરોગ્યની ચકાસણી કરાવી હતી.

આ પ્રસંગે મંત્રી કુબેરભાઇ સહિત ઉપસ્થિત મહનુભાવોના હસ્તે કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભોથી લાભાન્વીત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં કડાણા તાલુકા પંચાયત પ્રમુખ, કડાણા તાલુકા વિકાસ અધિકારી, શિક્ષણ સમિતિના ચેરમેન, માલવણ સરપંચ જયોસનાબેન, તલાટી, શાળાના આચાર્ય, વિદ્યાથીઓ અને મોટી સખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા તાલુકાના હીન્ધોલીયા ગામે ગૌરી વ્રતનું અનોખી રીતે જાગરણ કરતી નાની બાળાઓ

લુણાવાડા, લુણાવાડા તાલુકાના હીન્ધોલીયા ગામે ગૌરી વ્રતનુ અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આમ, જાગરણ દીવસે બાળકીઓ આખી રાત જાગરણ કરે છે અને વર્ષોથી ચાલી આવેલ પરંપરા મુજબ બધી બાળાઓ ભેગી થઈ અને અનોખી રીતે જાગરણ ઉજવણી કરવામાં આવી હતી.

હીન્ધોલીયા ગામે ગૌરીવ્રતનું પાંચ દીવસની ઉપાસના કરી અને કુમારિકાઓ પાંચ દિવસના વ્રત પછી જાગરણ કરીને વ્રતનાં પારણાં કર્યા હતાં.આમ રાતભર માર્ગો, શેરીઓ, મહોલ્લાઓ કિશોરીઓના કલરવથી ગુંજી ઊઠ્યા હતા. આમ મોડીરાત સુધી માર્ગો પર ભારે ચહલપહલ જોવા મળી હતી. આમ કુમારિકાઓના પ્રિય ગૌરીવ્રત જોતજોતામા પૂર્ણ થઇ ગયાં અને જાગરણ પણ પૂર્ણ થઇ ગયું. પરંતુ આ જાગરણને યાદગાર બનાવવામાં કુમારિકાઓએ કોઈ કસર બાકી રાખી ન હતી. સાંજે ચાર વાગ્યાથી જ કુમારિકાઓ સહેલીઓ સાથે ઘરની બહાર નીકળી ગઈ હતી. સાંજના સમયે વરસતા વરસાદમાં જાગરણની મજા બમણી થઈ ગઈ હતી. આમ ગૌરીવ્રતના જાગરણમાં મોડીરાત્રે પડેલા ઝરમર વરસાદમાં કુમારિકાઓની મજા બમણી થઈ ગઈ હતી. આમ વ્રતના અંતિમ દિવસે કુમારીકાઓ રાત્રિ દરમિયાન જાગરણ કરી અને શિવપાવર્તિનુ ઉપાસના પણ કરતી હોય છે. જયારે ગામડાઓ ગૌરી વ્રતનુ બાળકીઓ દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે. આમ બાળકીઓ જાગરણના દીવસે ભેગી થઈ અને વર કન્યા બનાવી અને જાગરણ કરવામાં આવતુ હોય છે. આમ બાળકીઓ દ્વારા વર કન્યા બનાવી અને રાતના સમયે ડી.જે તાલે લગ્નની ઉજવણી કરવામાં આવતી હોય છે. આમ નાની બાળાઓ દ્વારા કન્યાદાન પણ કરવામાં આવતુ હોય છે. આમ આ પ્રસંગે ગામના મોટી સંખ્યામાં ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આમ લગ્નગીતો તેમજ ડી.જે ના તાલે પણ નાચગાન કરવામા આવ્યું હતું. જયારે વહેલી સવારે બાળકીઓ દ્વારા જવાળાઓનું જળાશય કે નદીમાં વિસર્જન કરવામાં આવ્યુ હતું. આમ અનોખી રીતે હીન્ધોલીયા ગામની કુમવારીકાઓ દ્વારા ગૌરીવ્રત જાગરણની ઉજવણી કરવામાં આવી હતી.



મલેકપુર ગાયત્રી શક્તિપીઠ ખાતે ગુરૂ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પહેલી સવારે ગાયત્રી પરિવાર દ્વારા ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું અને મહિલા ગાયત્રી પરિવારના મીનાબેન સિસોદિયાએ વ્યસન મુક્તિ વિશે સમજણ આપી હતી. વ્યસન થી દૂર રહો અને નીરોગી રહો અને ફેશન અને વ્યસન ના કરવી જોઈએ ગાયત્રી યજ્ઞ પૂરો થયા બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. અને મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો અને બપોરના સમય ગોપી મંડળ દ્વારા ભજન સત્સંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

## મહિસાગર જીલ્લામાં ભારે વાવાઝોડા અને વરસાદના કારણે મકાન પડવાથી જાન ગુમાવનાર માતા અને ભત્રીજીને રાજય સરકાર દ્વારા ત્વરિત સહાય આપવામાં આવી

લુણાવાડા, ચોમાસાની ઋતુ આવે એટલે કાચા કે ઝૂંપડા જેવા મકાનમાં વસવાટ કરતા માનવીઓને હંમેશાં સતત એક પ્રશ્ન સતત સતાવે છે કે, આ ચોમાસાની ઋતુમાં કેવી રીતે દિવસો વિતાવીશું. અને તેમાંય ઘણીવાર ચોમાસાના આગમન પૂર્વે વાવાઝોડા જેવી પરિસ્થિતિ પણ સર્જાતી હોય છે. ઘણીવાર ૩૦ થી ૪૦ કિ.મી. તો કોકવાર તેનાથી પણ વધુ ઝડપે પણ પવન ફૂંકાતો હોય છે. આવા સંજોગોમાં કાચા કે ઝૂંપડા જેવા મકાનોમાં વસવાટ કરતા માનવીઓના જીવ પડીકે બંધાતા હોય છે.

આવી જ કંઈક ઘટના બનવા પામી છે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ખેડાપા ગામના કાકરાડુંગરા ફળિયામાં રહેતા પારગી કોદરભાઈ મોઘાભાઈના પરિવાર પર.

બનાવની વિગત એવી છે કે, તાજેતરમાં એટલે કે તા. ૮/૭/૨૦૨૨ના રોજ કોદરભાઈ અને તેમનો પરિવાર તેમના નિત્યક્રમ મુજબ પરિવારીને પોતાના લાકડાના ખૂંટવાળું મકાન (ઝૂંપડી) બનાવી હતી, તેમાં સૂઈ ગયા હતા. ત્યારે તેમને ખબર નહોતી કે મોડી રાત્રિના અચાનક વાવાઝોડું અને વરસાદ આવશે તો અમારૂં મકાન પડી જશે. પરંતુ ઈશ્વરને કંઈક અલગ જ મંજૂર હતું.



મોડી રાત્રિના બે વાગ્યાના સુમારે અચાનક ભારે પવન સાથે વાવાઝોડું અને વરસાદને કારણે કાચું ઝૂંપડું હોવાથી વાવાઝોડું અને વરસાદનો માર ઝીલી ન શકતા ઝુપડું પડી જતાં ઝૂંપડીમાં સૂતેલા પારગી કોદરભાઈ મોઘાભાઈ ઉ.વ.૫૭, પારગી સવિતાબેન કોદરભાઈ ઉ.વ.૫૬ અને પારગી સૃષ્ટિબેન મિથુનભાઈ ઉ.વ. ૦૨ પર પડયું હતું.

આ બનાવ અંગેની વિગતવાર જાણકારી આપતાં પારગી કોદરભાઈ મોઘાભાઈના પુત્ર પિન્કેશભાઈ પારગી જણાવે છે કે, જયારે આ મકાન પડવાનો અવાજ સાંભળીને હું બહાર આવ્યો ત્યારે મકાન સંપૂર્ણ પડી ગયું હોવાથી તેમાં મારા માતા-પિતા અને ભત્રીજી સૂઈ ગયા હતા. જેથી બૂમાબૂમ કરીને આડોશ-પાડોશને બોલાવ્યા અને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા પછી ૧૦૮ને બોલાવવામાં આવી હતી. જે તાત્કાલિક આવતાં મારા માતા અને ભત્રીજીનું અવસાન થયેલું હોવાનું જણાવ્યું હતું જયારે મારા પિતાની ગંભીર હાલત હતી. જેથી તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયા હતા, જયાં તેમને સારવાર આપવામાં આવતા પિતાનો જીવ બચી જવા પામ્યો હતો.

મારા માતા અને ભત્રીજીનું અવસાન થતાં જરૂરી પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આ બનાવની જાણ થતાં જિલ્લાના અધિકારીઓ અને પ્રાંત અધિકારીએ આવીને અમને સાંત્વના પાઠવી હતી અને જરૂરી તમામ સહાય કરવાની ખાત્રી આપી હતી.

હમણાં જ અમારા પરિવાર પર આવી પડેલ આ મુશ્કેલીમાં મંત્રી ડીંડોરે તા. ૧૨મીના રોજ અમને રૂબરૂમાં આવીને સરકાર તરફથી મારી માતાને રૂા. ૪ લાખ અને ભત્રીજીને રૂા.૪ લાખ મળી રૂા.૮ લાખની સહાય આપી ગયા અને અમને સાંત્વના આપી તમને સરકાર તરફથી પાકું મકાન બનાવી આપવામાં આવશે તેવી ખાત્રી પણ આપી હતી.

આમ, સરકાર તરફથી અમને આ સહાય આપવામાં આવતાં હું સરકારનો આભાર માનુ છું. સાથેસાથે મંત્રી , જિલ્લાના અધિકારીઓ અને પ્રાંત નો પણ આભાર માનું છું.

આમ, એક પરિવાર પર આવી પડેલ આ આફતની ઘડીમાં ત્વરિત કાર્યવાહી હાથ ધરીને સંવેદનશીલતાથી માત્ર પાંચ જ દિવસમાં સહાય આપીને રાજ્ય સરકારે સરકાર ઝડપી નિર્ણયશકિત અને સંવેદનશીલતાથી કાર્ય કરી રહી હોવાની પ્રતિતિ કરાવી છે.

## લુણાવાડા શહેર અને તાલુકામાં PHC આરોગ્ય કર્મી અને આશા વર્કર દ્વારા મચ્છર ઉત્પતિ અટકાવવા કામગીરી હાથ ધરાઈ


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર, અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડાના આશા બહેનો તેમજ લુણાવાડા તાલુકાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પુરૂષ આરોગ્ય કાર્યકરની કુલ ૨૦ ટીમો દ્વારા આજરોજ લુણાવાડા નગરના વિવિધ વિસ્તારોમાં પોરા નાશક પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. જેમાં પુરૂષ આરોગ્ય કાર્યકર અને આશા બહેનોની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં પોરા નાશક પ્રવૃત્તિ તેમજ મચ્છર ઉત્પતિ સ્થાનોના નાશ અંગેની પ્રવૃત્તિ તેમજ મચ્છરની ઉત્પતિ થતી અટકાવવા માટેના જનજાગૃતિના પગલાં અંગેની પ્રવૃત્તિ તેમજ મચ્છરના ઉપદ્રવને કારણે ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા રોગો ન ફેલાય તે અંગેના બચાવના પગલાં અંગેની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલી હતી. તેમજ બંધીયાર પાણીમાં બળેલા ઓઈલ એપ્લિકેશનની કામગીરી પણ કરવામાં આવેલી હતી. તથા લુણાવાડા નગરના વિવિધ વિસ્તારોના રહીશોને ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઈ અને ઘરની અંદર તેમજ ઘરની બહાર મચ્છરની ઉત્પત્તિ કયા કયા સ્થાનોમાં થાય તે અંગે વિસ્તૃત માહિતી આપી અને દર રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે ફક્ત ૧૦ મિનિટ ઘરની અંદર તેમજ ઘરની બહારના પાત્રમાં સંગ્રહાયેલ પાણીનો નિકાલ કરવા અંગેની જાણકારી આપવામાં. તેમજ ઘર વપરાશ ના ઉપયોગ માટે ભરેલા પાણીના પાત્રો ને હમેશાં ઢાંકીને રાખવા અંગે જાણ કરી હતી.

## ખાનપુરના ખડોદી ગામે પ્રા.શાળા જર્જરિત બનતા બાળકોને વૈકલ્પિક વ્યવસ્થારૂપે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં અભ્યાસ કરવા મજબુર

ખાનપુર, મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ખડોદી ગામની પ્રા.શાળામાં ધો-૧ થી ૮ના વર્ગો વાળી શાળા છે. આ શાળામાં ૫ શિક્ષકો સહિત ૭૧ બાળકો અભ્યાસ કરી ર્‌યા છે. ૮ કલાસવર્ગ ધરાવતી ખરોડી પ્રા.શાળાના ઓરડા જર્જરિત થતાં વર્ષ-૨૦૧૭ના ઓકટોબર માસમાં શાળાને જર્જરિત જાહેર કરીને બંધ કરી દેવામાં આવી હતી. શાળાના ૭૧ બાળકોને વૈકલ્પિક વ્યવસ્થારૂપે ગામની સાામુહિક વાડીમાં બેસાડીને અભ્યાસ કરાવી રહ્યા છે.

વાડીના હોલમાં અલગ અલગ જગ્યામાં બાળકોના શિક્ષકો ભણાવતા ભારે અગવડતા પડી રહી છે. પરંતુ ચોમાસાની સીઝનમાં વરસાદ વરસતા ખડોદી ગાની સામુહિક વાડીમાં પણ ટપકતા વરસાદી પાણીમાં બાળકો અભ્યાસ કરી રહ્યા છે. તેમજ વાડી રોડ પર આવેલી હોવાથી રિસેશના સમયે બાળકો બહાર જતા આકસ્મિક ઘટના બનવાનો ભય વાલીઓ સેવી રહ્યા છે. નવા ઓરડા બનાવવા મહિસાગર જિલ્લાના પ્રા.શિક્ષણાધિકારીએ જણાવ્યુ કે, ખડોદી ગામની પ્રા.શાળાને જર્જરિત જાહેર કરાઈ હતી. તેના નવા ઓરડા બનાવવાની મંજુરી આવી ગઈ છે. ટેન્ડર ન ભરાતા હવે નવેસરથી ટેન્ડર બહાર પાડીશુ તેમ જણાવ્યુ હતુ. ત્યારે શાળાને જર્જરિત જાહેર કર્યાના ૫ વર્ષ થયા હોવા છતાં બાળકોને ભણવાના નવા ઓરડા ન બનતા હાલ બાળકોને વરસાદના ટપકતા પાણીમાં ભણવાનો વારો આવ્યો છે.

ગ્રામજનોએ શિક્ષણ વિભાગ અને કલેકટર કચેરીને અનેકવાર રજુઆત કરી પણ કોઈ જવાબ હજુ સુધી આવ્યો નથી. ૫ વર્ષથી જર્જરિત થયેલી શાળાના ઓરડાઓ ન બનતા ખડોદી ગામના સરપંચ તથા ગ્રામજનો રોષે ભરાયા છે. અને ગામના સરપંચે જુલાઈ માસ સુધી શાળાના રૂમ બાંધવાના પ્રશ્નોનુ નિરાકરણ નહિ આવે તો ગામની સામુહિક વાડીને પણ તાળાબંધી કરવાની ચિમકી ઉચ્ચારતી રજુઆત જિલ્લા શિક્ષણ વિભાગને કરી છે. તેમજ શાળાબંધી દરમિયાન બાળકોના અભ્યાસ પર પડતી અસરની જવાબદારી સ્થાનિક શિક્ષણ વિભાગની રહેશે તેવી લેખિત રજુઆત કરી હતી.

## લુણાવાડા કિશન દાબેલી ચલાવનાર દ્વારા રૂા.૧૦ના સિક્કા ન લેવાતાં અરજી થતાં પોલીસ કાર્યવાહી

લુણાવાડા, લુણાવાડા સહિત મહીસાગર જિલ્લામાં ૧૦ રૂપિયાના સિક્કાને નાના- મોટા તમામ વેપારીઓ સ્વીકારતા નથી. તેથી માન્ય ભારતીય ચલણનો જાહેરમાં અનાદર થઈ રહ્યો છે . ભારતીય રિઝર્વ બેંક દ્વારા રૂ.૧૦ નો સિક્કો ચલણ તરીકે અમલમાં મુક્યો છે, પરંતુ લોકો કે વેપારી રૂ.૧૦ નો સિક્કો ડુપ્લિકેટ હોય તેમ તેને હાથ સુધ્ધા અડાડતા અચકાતા હતા. એક સમય હતો કે, શહેર અને ગામડામાં પરચુરણની ભારે તંગી વર્તાતી હતી. આવા સમયે વેપારી અને ખાસ કરીને ચ્હાની હોટલવાળા દુકાનદારોએ તો રિઝર્વ બેંકની સમાંતર પ્લાસ્ટિક ચલણ અમલમાં મુકી દીધુ હતું. એટલુ જ નહી રાજય સરકારના એસ.ટી. તંત્રમાં પણ દોઢ-બે દાયકા પહેલા પરચૂરણની મગજ મારીથી બચવા માટે બસની ટીકીટ પાછળ મુસાફરોના બાકી નીકળતા પૈસા લખી આપી જે તે કંડકટર સહી કરી આપતો જે ટીકીટ બસ ડેપોના ઈન્કવાયરી પર જઈને બતાવો એટલે મુસાફરના બાકી નીકળતા છૂટા પૈસા ચુકવી આપવામાં આવતા હતા. રૂ.૧૦ નો સિક્કો શું કામ લોકો, વેપારીઓ, પાર્લર, પાનના ગલ્લા કે પરચૂરણ ધંધાર્થી, લારીઓ દ્વારા સ્વીકારતા નથી. તે આજ સુધી કોયડો બની ગયો છે. ગુજરાતના અન્ય મહાનગરો કે નાના શહેરોમાં રૂ.૧૦ નો સિક્કો ચલણમાં અમલમાં છે. ત્યારે મહીસાગર જિલ્લામાં ન ચાલતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. ત્યારે ગોપાલ એસ.પટેલ રહે. ભલાણીયા તા.ગોધરા દ્વારા કિશન દાબેલી લુણાવાડાના સંચાલક દ્વારા રૂા.૧૦ નો સિક્કો સ્વીકારવામાં ન આવતા અરજી થતા લુણાવાડા પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

## મહીસાગર જિલ્લામાં SSC અને HSCની પૂરક પરીક્ષા અંતર્ગત પરીક્ષા કેન્દ્રોની આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રહેશે

લુણાવાડા, આગામી તા.૧૮/૦૭/૨૦૨૨ થી તા.૨૨/૦૭/૨૦૨૨ સુધી ધોરણ-૧૦ (એસ.એસ.સી.) તથા ધોરણ-૧૨ એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ, અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાને અનુલક્ષીને કેટલાક પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયા છે.

જે અંતર્ગત મહીસાગર જિલ્લાના નિયત કરાયેલા પરીક્ષા કેન્દ્રોની ચોતરફ, ૨૦૦ મીટરના ત્રિજ્યા વિસ્તારમા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે, તેમજ પરીક્ષાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તે માટે કેટલાક પ્રતિબંધો ફરમાવાયા છે. સબબ, આ વિસ્તારના તમામ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા, તથા મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, તથા અન્ય ઈલેક્ટ્રીક ઉપકરણો પરીક્ષાના સ્થળે લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકવામા આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.આઈ.સુથાર દ્વારા તા.૧૮/૦૭/૨૦૨૨ થી તા.૨૨/૦૭/૨૦૨૨ સુધી, સવારે ૮-૦૦ કલાક થી સાંજે ૨૦-૦૦ કલાક દરમિયાન, ચાર કે તેથી વધુ શખ્સોના ભેગા થવા, અને સભાઓ ભરવા કે બોલાવવા, તથા સરઘસ કાઢવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવાયો છે. સાથે, જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સૂત્રો પોકારવા, જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવા, મોબાઈલ ફોન સાથે રાખવા, કે તેના ઉપયોગ કરવા ઉપરાંત ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા જણાવાયુ છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. અને જો તેવા અનાદર, કાનુની રીતે કામે રાખેલ વ્યક્તિઓને અવરોધ, ત્રાસ કે હાનિ પહોંચાડે તેમ હોય અથવા તે અંગેનું જોખમ ઉત્પન્ન કરે તેમ હોય તો તેને એક માસ સુધીની સાદી કેદ અથવા બસ્સો રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે અને જો આવો અનાદર માનવ જીવન, સુખાકારી કે સલામતીને ભયમાં મુકે અથવા મુકે તેમ હોય તેમજ તેથી હુલ્લડ કે બખેડો થાય તેમ હોય તેને છ માસ સુધીની બે માંથી કોય પણ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવાતો બન્ને સજા થશે. તેમ અધિક નિવાસી કલેક્ટરએ જાહેરનામાં દ્વારા જણાવાયું છે.

## આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપ ૨૦૨૨

લુણાવાડા, મહીસાગર જિલ્લાના બાળકો માટે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા આઝાદીના ૭૫ વર્ષ અંતર્ગત "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ અન્વયે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપ તા. ૨૫ થી ૨૯ જુલાઈ ૨૦૨૨ સુધીમાં આયોજન કરવાનું નક્કી કરેલ છે. જેમાં ૦૬ થી ૧૪ વર્ષ સુધીના કલાકારો ભાગ લઈ શક્શે. અને ૧૦૦ વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે સમાવેશ કરવામાં આવશે. જેનું પ્રવેશપત્ર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, કલેકટર કચેરી, રૂમ.નં ૨૧૨ ખાતેથી મેળવી તા.૨૧/૦૭/૨૦૨૨ બપોરે ૧૨;૦૦ કલાક સુધી કચેરી ખાતે મોકલી આપવાનું રહેશે. અરજી ફોર્મ સાથે આધારકાર્ડ અથવા જન્મના દાખલાની ઝેરોક્ષ જોડવી. તેમ જિલ્લા રમત ગમત અધિકારીની અખબારીયાદીમાં જણાવાયું છે.

## આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : મધ્યમ દિવસ, સામાજીક બાબતોમાં લાભ મેળવી શકો, આર્થિક બાબતો ખર્ચાળ રહે, મહિલાઓએ શાંતિ જાળવવી.

વૃષભ (બ,વ,ઉ) : કનિષ્ઠ દિવસ, કોઈ બિન જરૂરી મુડીરોકાણ કરવું નહીં, સામાજીક બાબતો કષ્ટપ્રદ રહે, મહિલા વર્ગને કલહ ટાળવો.

મિથુન (ક,છ,ઘ) : કનિષ્ઠ દિવસ, સામાજિક બાબતોમાં દોડધામ રહે,આર્થિક પાસુ ખર્ચાળ, મહિલા વર્ગને યથાવત.

કર્ક (ડ,હ) : ઉત્તમ દિવસ, સામાજિક માનપ્રતિષ્ઠા મેળવી શકશો આર્થિક બાબતો શ્રેયકર, મહિલાઓને પ્રવાસ લાભ.

સિંહ (મ,ટ) : ઉત્તમ દિવસ, કોઈ અનપેક્ષિત આર્થિક લાભ મેળવી શકશો, સામાજિક બાબતો ઉત્સાહ પ્રેરક રહે, મહિલાઓને મધ્યમ.

કન્યા (પ,ઠ,ણ) : ઉત્તમ દિવસ, કોઈ સામાજિક કાર્ય પાર પાડી શકો, આર્થિક પાસુ ખર્ચાળ રહેશે, મહિલાઓ માટે લાભકારી.

તુલા (ર,ત) : કનિષ્ઠ દિવસ, કોઈ આકસ્મિક ખર્ચ આવી પડે, સામાજિક બાબતો ખર્ચાળ, મહિલા વર્ગને શાંતિ સેવવી.

વૃશ્ચિક (ન,ય) : ઉત્તમ દિવસ, મોસાળ શ્વસુરપક્ષે કોઈ આર્થિક લાભ મળે, સામાજિક બાબતો શ્રેય કર, મહિલાને આનંદપ્રદ દિવસ.

ધન (ભ,ધ,ફ) : ઉત્તમ દિવસ, આર્થિક પાસુ સાનુકુળ રહેશે,સામાજિક બાબતો યથાવત, મહિલા વર્ગને પ્રવાસ સુખે.

મકર (ખ,જ) : ઉત્તમ દિવસ, સામાજિક માનપ્રતિષ્ઠાનો પ્રસંગે બને, આર્થિક પાસુ સાનુકુળ, મહિલા વર્ગને પરિવાર સુખ.

કુંભ (ગ,શ,સ) : મધ્યમ દિવસ, સામાજિક કાર્ય પાર પાડી શકશો, પણ આર્થિક પાસુ ખર્ચાળ રહેશે, મહિલા વર્ગને શ્રેયકર દિવસ.

મીન (દ,ચ,ઝ,થ) : ઉત્તમ દિવસ, કોઈ ભૂતકાલીન રોકાણનો લાભ મેળવી શકશો, સામાજિક સરળતા, મહિલા વર્ગને આનંદપ્રદ દિવસ.

# દાહોદ જિલ્લામાં શી ટીમની પ્રશંસનીય કામગીરી : મહિલાઓને જાગૃત કરવા કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે

દાહોદ,

દાહોદ જિલ્લામાં મહિલાઓને જાગૃત કરવા, મહિલા સશક્તિકરણના ભાગરૂપે શી ટીમ એક ઝુંબેશ સાથે કામ કરી રહી છે. જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાના માર્ગદર્શનમાં મહિલાઓની સુરક્ષા માટે પ્રતિબદ્ધ શી ટીમ વિવિધ સ્થળે કાર્યક્રમો યોજીને મોટી સંખ્યામાં મહિલાઓને જાગૃત કરવાનું કામ કરી રહી છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પોલીસ અધિક્ષક બલરામ મીણાના તથા મદદનીશ પોલીસ અધિક્ષક જગદીશ બાંગરવાના જરૂરી માર્ગદર્શન હેઠળ મહીલા પોલીસ સ્ટેશનમાં શી–ટીમની કામગીરી કરતા પોલીસ સબ ઈન્સપેકટર એમ.કે.પટેલ તથા હેડ કોન્સ્ટેબલ ઇતલીબેન, લોકરક્ષક જસ્મિનીબેન સહિતની શી ટીમ દ્વારા જાહેર જગ્યા, બસ–સ્ટેશન ખાતે, અભ્યાસ, નોકરી અર્થે તેમજ અન્ય કામગીરી માટે મુસાફરી કરતી મહીલાઓની તથા ગૃહ ઉધોગનુ કામ કરતી મહિલાઓની મુલાકાત લઈને તેઓને જાહેર જગ્યા પર થતા સ્ત્રી– અત્યાચારને લગતા ગુન્હા જેવા કે છેડતી, શારીરિક–માનસીક ત્રાસ, કામકાજના સ્થળે થતુ જાતિય શોષણ, બ્લેકમેઈલ તથા બાળ–લગ્ન, સ્ત્રી–ભ્રુણહત્યા વગેરેની કાયદાકીય માહિતી આપવામાં આવે છે. શી ટીમ દ્વારા મહિલાઓને ગુડ ટચ, બેડ ટચ અંગે સમજ અપાઈ છે. મહિલાઓને ઘરેલું હિંસા સામે રક્ષણ અપાય છે.

તદ્દઉપરાંત રાતના સમયે જ્યારે મહિલા ઘરની બહાર હોય અને અસલામતી અનુભવે ત્યારે શી–ટીમ તેમને કઈ રીતે મદદરૂપ થઈ શકે અને શી–ટીમનો સપર્ક કઈ રીતે કરવો તેનાથી માહિતગાર કરવામા આવે છે. આજુ–બાજુમાં અઈચ્છનિય બનાવ બનતો જણાય તો શી–ટીમનો સંપર્ક કરવા પણ માહિતી અપાઈ હતી. શી ટીમ દ્વારા સિનિયર સીટીઝનની સુરક્ષા માટે પણ કામગીરી કરવામાં આવે છે.

શી ટીમ દ્વારા ગત તા. ૧૨ ના રોજ ઝાલોદ ખાતે આવેલી બી.એમ. ગર્લ્સ સ્કુલમાં મહિલા પોલીસ સ્ટેશન અને ઝાલોદ પોલીસ સ્ટેશનની શી ટીમ દ્વારા ૬૦૦ થી વધુ છાત્રાઓને શી ટીમની કામગીરી અને શી ટીમ કઈ રીતે તેમને મદદરૂપ થઈ શકે તેમજ સંપર્ક કરઈ રીતે કરવો વગેરે સમજ અપાઈ હતી. શાળાની છાત્રાઓએ સમગ્ર કાર્યક્રમમાં રસપૂર્વક ભાગ લીધો હતો.

# દે.બારીઆ માંથી પસાર થતી પાનમ નદીમાં નવા નીર નહિ આવતા જળસંકટની શક્યતા

દે.બારીઆ,

દે.બારીઆમાંથી પસાર થતી પાનમ નદી ખેડુતોની જીવાદોરી સમાન છે. ચોમાસુ સત્રમાં જો વરસાદ સારો નહિ થાય ત્યારે શિયાળામાં સિંચાઈ મારફતે ખેડુતો ખેતી કરતા હોય છે. ચાલુ સાલે ચોમાસુ સત્રમાં હજુપણ નહિવત વરસાદના કારણે નદીમાં નવા નીરની કોઈ આવક થઈ નથી. પાનમ નદીનુ ઉદ્‌ગમ સ્થાન ધાનપુર તાલુકાના પાનમ ગામ છે. જે વિસ્તારમાં પણ હજુ નહિવત વરસાદ હોય નદીમાં પાણીની આવક થઈ નથી. દે.બારીઆ અને ધાનપુર તાલુકામાં ચોમાસુ વરસાદ માત્ર મકાઈ, અડદ, મગફળી, કપાસ, તુવેર, જેવા ખેતીપાકના માંડ છોડવા ઉગી નીકળ્યા છે. મામલતદાર ગિરીશ શાહે જણાવ્યુ હતુ કે, આ વિસ્તારમાં ૧૫૭ મી.મી.વરસાદ થયો છે. ગયા વર્ષમાં ૯૦ મી.મી.વરસાદ નોંધાયો હતો.

દે.બારીઆ અને ધાનપુર તાલુકામાં જો વરસાદ સંભવત ઓછો થાય ત્યારે આગામી સમયમાં વરસાદના અભાવે કદાચ સિંચાઈનો સહારો પણ લેવો પડે તેવી પરિસ્થિતિ હાલમાં જણાય છે. પરંતુ સરકારી ઉદ્‌વહન સિંચાઈ યોજનાની કામગીરી હજુ પુર્ણ થઈ નથી. માટે કોઈ સ્ત્રોત ખેડુતો માટે દેખાતા નથી. દે.બારીઆની આ પાનમ નદી કાંઠાના ખેડુતો વરસાદ નશિ પડશે અને નદીમાં પાણી નહિ ભરાશે તેની ચિંતામાં છે. દે.બારીઆ નગરની જનતાને પીવાનુ પાણી પણ આ નદીમાં આવેલા કુવાના પાણીને ફિલ્ટર કરી પાઈપલાઈન મારફતે પુરૂ પાડવામાં આવે છે. પાનમ નદીમાં પાણી નહિ ભરાય તો આવનાર સમયમાં નગરજનોને પીવાના પાણીની પણ મોટી નોબત આવતા પ્રજા માથે જળસંકટ પણ કહી શકાય.

# સંજેલી-ઝાલોદ મુખ્ય માર્ગ પર નમી પડેલા વૃક્ષો દુર કરવામાં આવે તેવી માંગ

દાહોદ,

સંજેલીથી ઝાલોદ તરફ જવાના મુખ્ય માર્ગ પર રોડ પર જ પડું પડું થઈ રહેલા વૃક્ષો અકસ્માત સર્જાત તે પહેલા દુર કરવામાં આવે તેવી વાહનચાલકો તેમજ તાલુકાની પ્રજાની માંગ ઉઠવા પામી છે.

સંજેલી તાલુકાના ઝાલોદ તરફ જવાના મુખ્ય માર્ગ પર તાલુકા પંચાયત ગેટની સામે જ પોલો પડી ગયેલો મહુડાનુ ઝાડ તેમજ કદવાળ ગામે ચટકેદાર લીમડાનુ વૃક્ષ રોડ પર ફેલાઈ ગયુ છે. સાથે સાથે સંજેલીથી માંડલી સુલિયાત તરફ જવાના બચકરીયા ગામે રોડ પર ઉભેલ બાવળનુ ઝાડ હાલ ચોમાસાની સીઝન શરૂ થઈ ગઈ છે. પવાન વાવાઝોડા સાથે વરસાદ વરસી રહ્યો છે. સંજેલીથી સંતરામપુર રોડ પર બાવળનુ નમી ગયેલુ ઝાડ રોડ પર પડતા વાહન વ્યવહાર પણ ખોરવાયો હતો. જેને પગલે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે આ રોડ પર જ ઉભેલા તેમજ નમી પડેલા વૃક્ષોને લઈ કોઈ મોટી હોનારત કે અકસ્માત સર્જાય કે વાહન વ્યવહાર ખોરવાય તે પહેલા વહીવટી તંત્ર દ્વારા દુર કરવામાં આવી તેવી સંજેલી તાલુકાના વાહનચાલકો તેમજ તાલુકાના નાગરિકોની માંગ ઉઠવા પામી છે.

# વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથ ગરબાડા, ફતેપુરા અને ધાનપુર પહોંચ્યો : લોકોએ હરખભેર કર્યું સ્વાગત

દાહોદ,

વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથ આજે દાહોદનાં ગરબાડા, ફતેપુરા અને ધાનપુર તાલુકાના વિવિધ ગામોમાં પરિભ્રમણ કર્યું હતું. વંદે ગુજરાત વિકાસયાત્રાના રથનું ગ્રામજનોએ હરખભેર સ્વાગત કર્યું હતું. વિવિધ ગામોમાં યોજાયેલા કાર્યક્રમમાં લોકો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા. ગ્રામજનોને સરકારી યોજનાઓથી માહિતગાર કરાયા હતા. તેમજ વિવિધ યોજનાઓના લાભની પણ વહેંચણી કરાઈ હતી.



વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથ આજે ગરબાડાના વજેલાવ, જેસાવાડા, નઢેલાવ, છરછોડા, ફતેપુરામાં છાલોર, મોટીશેરો, ધાનપુરમાં અગાસવાણી, ઘોડાઝર સહિતના ગામોમાં પહોંચ્યા હતા. ગ્રામજનોએ વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથનું સ્વાગત કર્યું હતું અને કાર્યક્રમમાં સહભાગી થયા હતા. ગ્રામજનોને આ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓના લાભ અપાયા હતા. ગ્રામજનોએ રથ સાથે દર્શાવાતી વિકાસની ફિલ્મને રસપૂર્વક નિહાળી હતી. ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓની માહિતી અપાઈ હતી. કાર્યક્રમ સ્થળે ભવાઈ પણ યોજાઈ હતી. ભવાઈના માધ્યમથી લોકોને વિવિધ યોજનાઓ તેમજ જરૂરી બાબતો વિશે સમજ અપાઈ હતી. આ વેળા મહાનુભાવો, અધિકારીઓએ વૃક્ષારોપણ પણ કર્યું હતું.

વંદે ગુજરાત વિકાસયાત્રાના રથ આવતી કાલે તા. ૧૫ જુલાઈના રોજ ગરબાડાના પાંદડી, અભલોડ, ફતેપુરાના લીમડીયા, વલુન્ડી તેમજ ધાનપુરના સીમામોઈ, ટોકરવા તેમજ બારીયા નગરપાલિકા પહોંચશે.

# ગુરૂ ગોવિંદની પવિત્ર ભુમી માનગઢધામ ખાતે દાહોદ જીલ્લા ભાજપની પ્રથમ કારોબારી યોજાઈ



દાહોદ,

ગુરૂ ગોવિદની પવિત્રી ભુમી માનગઢધામ ખાતે આજરોજ દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયરની અધ્યક્ષતામાં દાહોદ જીલ્લા ભાજપની પ્રથમ કારોબારી યોજાવા પામી હતી. કારોબારીની શરૂઆત દીપ પ્રગટાવી વંદે માતરમ "ભારત માતાકી જય" ના નારા સાથે શરૂ કરવામા આવી હતી. યોજાયેલ કારોબારીમા પ્રદેશ મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટ, પ્રભારી રાજેભાઈ પાઠક, હંસા કુવાર બા, દાહોદ સાંસદ જસવતસિહ ભાભોર, વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા, જીલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા, પૂર્વ મંત્રી બંચુભાઈ ખાબડ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કારોબારી બેઠકને જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયારે સંબોધી દાહોદ જીલ્લામાં છ એ છ વિધાનસભાની સીટો જીતી કમળ ખિલાડવા માટે કાર્યકરોને આહવાન કરી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત કરવા જણાવ્યું હતું. સાંસદ જસંવતસિભાભોરે સરકારની યોજનાઓ અને થયેલ વિકાસ કાયો જણાવી કાર્યકરોને જન જન સુધી વાત પહોચાડવા કહ્યું હતું. કરોબારીમાં રાજકીય પ્રસ્તાવ રજુ કરવામા આવ્યો હતો. સાથે કાર્યાલય નિર્માણ નિધીનો ચેક પણ અર્પણ કરાયો હતો.

# દાહોદ જીલ્લામાં બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે સંદેશ

દાહોદ,

દાહોદ જીલ્લામાં બાગાયતી ખેતી કરતા ખેડૂતોએ વર્ષ ૨૦૨૨–૨૩ બાગાયતી સહાય માટે જે ખેડુતોની અરજીઓ પૂર્વ મંજુર થઈ છે. તેમને વાવેતર કર્યા બાદ તમામ કાગળો /બીલો નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નંબર ૨૩૩, જિલ્લા સેવા સદન, દાહોદ(ટેલીફોન નંબર ૦૨૬૭૩–૨૩૯૨૫૧) ખાતે સત્વરે રૂબરૂ કે ટપાલ દ્વારા કચેરીના કામકાજના દિવસોમાં મોકલી આપવી અને નિયત સમય મર્યાદા બાદ વિલંબિત પૂર્વ મંજુરીઓ રદ કરવામાં આવશે તેમ દાહોદના નાયબ બાગાયત નિયામકએ યાદીમાં જણાવ્યું છે.

# દાહોદના ખરોડ ગામેથી બે ફોર વ્હીલ ગાડીની ચોરી કરતાં વાહન ચોરો

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામેથી એકજ રાત્રીમાં એક સાથે બે ફોર વ્હીલર ગાડીઓની અજાણ્યા ચોર ઈસમો દ્વારા પોતાનો કલબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ તાલુકાના ખરોડા ગામે વાણીયા વાવ ફળિયામાં રહેતાં જયેશભાઈ દાઉદભાઈ નિનામાએ ગત તા.૧૨મી જુલાઈના રોજ પોતાની કુઝર ફોર વ્હીલર ગાડી અને અન્ય એક ઈકો ફોર વ્હીલર ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ બંન્ને ગાડીઓને રાત્રીના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે જયેશભાઈ દાઉદભાઈ નિનામાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરવા(હ)ના વાડી માતરીયા ગામે ચકચાર જગાવનાર હત્યાના ગુન્હામાં આરોપીને આજીવન સજા ફટકારતી કોર્ટ

ગોધરા,

મોરવા(હ) તાલુકાના વાડી માતરીયા ગામે નવેમ્બર ૨૦૧૧ના વર્ષમાં ઉછીના રૂપીયાની ઉઘરાણી કરવા ગયેલ વ્યકિતને કોશ મારીને હત્યા કર્યાના ગુનાની આજરોજ જીલ્લા પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સામે ચાલતાં હત્યાના ગુનામાં આરોપીને આજીવન કેદની સજા ફટકારવવામાં આવી.

મોરવા(હ) તાલુકાના વાડી માતરીયા ગામે રહેતા ઠાકોરભાઈ ભુદરભાઈ પટેલ એ માતરીયા ગામના પ્રભાતભાઈ સોનાભાઈ પટેલને ઉછીના આપેલ રૂપીયાની ઉઘરાણી કરવા ગયા હતા. ત્યારે પ્રભાતભાઈ એ ઠાકોરભાઈ સાથે ઝગડો કરેલ અને ગાળાગાળી કરતા હોય જેથી તેમના ભાઈ જશવંતભાઈ સ્થળ ઉપર આવેલ અને પ્રભાતભાઈ તેમજ ઘરના લોકોને ઝગડો નહી કરવા જણાવતા હતા. તે સમયે પ્રભાતભાઈનો પુત્ર આરોપી કિરણ પટેલ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કોશ લાવી જશવંતભાઈને માથામાં મારી ગંભીર ઈજાઓ પહોંચડતા મરણ થવા પામ્યું હતું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ૩૦૨.૫૦૪ અને જી.પી.એકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી કિરણ પ્રભાતભાઈ પટેલને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કેસ પંચમહાલ જીલ્લા પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ જે.સી.દોશીની કોર્ટમાં ચાલતાં રેકર્ડ પુરાવા અને સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની દલીલો ધ્યાને લઈ આરોપી કિરણ પટેલને આજીવન કેદની સજા અને ૬,૫૦૦/–રૂપીયાનો દંડ ફટકારવામાં આવ્યો તેમજ ગુજરનાર જશવંતભાઈના પત્નીને જીલ્લા કાનુની સત્તા મંડળ તરફ યોગ્ય વળતર ચુકવવા હુકમ કરાયો.

# શ્રી નારાયણ ગૌશાળા એજ્યુકેશન ટ્રસ્ટ તેમજ આશ્રમના પુજ્ય લાલા બાપુએ પાવાગઢ મંદિર ટ્રસ્ટને ભાવીક ભકતોમાટે Bipap મશીન ભેટ આપી



પાવાગઢ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ભાવીક ભક્તોનો વધુ પ્રવાહ વધવાને કારણે દુર દુર થી પગપાળા તેમજ વાહન વ્યવહાર મારફતે માતાજીના દર્શનાર્થે આવતા ભક્તો ડુંગર ઉપર બિરાજમાન મહાકાળી મંદિરે માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે ભાવીક ભક્તોને ચક્કર આવતા હોય તેવા શમયે Bipap મશીનની જરૂરિયાત રહેતી હોય છે. ત્યારે તાત્કાલિક ભાવીક ભક્તોને સારવાર મળી રહે તે માટે શ્રી નારાયણ ગૌશાળા એજ્યુકેશન ટ્રસ્ટ તેમજ પુજ્ય લાલા બાપુ એ પાવાગઢ નિજમંદીર ટ્રસ્ટ ડો.વિજયભાઈ પટેલ તથા પાવાગઢ પરિક્રમા સમિતીના અધ્યક્ષ પરાગભાઈ પંડયાને અત્યંત આધુનિક બશાફા મશીન આપવામાં આવ્યું હતું. જેનાથી હવે માતાજીના દર્શને આવતા ભાવીક ભક્તોને ડુંગર ઉપર ચઢતા ઉતરતા કોઈ ભક્તને જરૂર જણાય તો તેવા શમયે મશીન મારફતે ચેક અપ કરી દવા સારવાર કરી શકાશે. તેમજ ટ્રસ્ટીઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

# પંચમહાલના શહેરાના માતરીયા વ્યાસ ગામે જમીનમાં વાવેતર કરવા મામલે ઝગડો કરી આરોપી ધારયું લઈ હુમલો કરતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના માતરીયા વ્યાસ ગામે ફરિયાદી ખેતરમાં વાવણી કરવા ગયા હતા. ત્યારે આરોપીએ ધારીયું લઈ અમારી જમીનમાં કેમ વાવણી કરે છે. તેમ કહી ગાળો આપી મારવા જતાં છોડાવવા પડેલ વ્યકિતને ઈજાઓ કરી ગુન્હો કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના માતરીયા વ્યાસ ગામે રહેતા નરવતસિંહ બળવંતસિંહ બારીયા ખેતરમાં બળદ લઈને વાવણી કવા ગયા હતા. ત્યારે આરોપી કમલેશ ભવાનસિંહ બારીયા હાથમાં ધારીયું લઈ આવ્યા હતા અને અમારી જમીનમાં કેમ વાવણી કરે છે. તેમ કહેતા નરવતસિંહ એ એમ અમારી જમીનમાં વાવણી કરીએ છીએ તેમ કહેતા કમલેશ ઉશ્કેરાઈ જઈ ધારીયું મારવા જતાં છોડાવવા પડેલ વ્યકિતને હાથના ભાગે ઈજાઓ થવા પામી અને જાન થી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે શહેરા પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

# ઝાલોલના લીમડી નગરમાં નલ સે જલ યોજના અંતર્ગત આડેધડ ખોદકામ થી કાદવ કીચડને લઈ લોકો પરેશાન




દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં નલ સે જલ યોજના અંતર્ગત લીમડી નગરમાં આડેધડ ખોદકામ કરી નાંખતાં વરસાદી માહૌલ વચ્ચે ઠેર ઠેર કાદવ, કીચડનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. નગરના લોકો વરસાદી માહૌલ વચ્ચે હેરાન પરેશાન થઈ ગયાં છે.

દાહોદ જિલ્લામાં હાલ જ્યાં જુઓ ત્યાં વરસાદી માહૌલ જોવા મળી રહ્યો છે. મેઘરાજા મહેરબાન થતાં લોકોમાં આનંદ છ્વાયો છે. ત્યારે બીજી તરફ લીમડી નગરના લોકો વરસાદી માહૌલ વચ્ચે જાહેર રસ્તાઓ અને ઠેર ઠેર કાદવ, કીચડની સમસ્યાથી હેરાન પરેશાન થઈ ગયાં છે. નલ સે જલ યોજના અંતર્ગત કોન્ટ્રાક્ટરો દ્વારા આડેધડ ખોદકામ કરી નાંખ્યું હોવાના આક્ષેપો પણ છડેચોક લીમડી નગરના લોકો કરી રહ્યાં છે. આડેધડ ખોદકામના પગલે વરસાદી માહૌલ વચ્ચે ઠેર ઠેર કાદવ, કીચડનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. વાહન ચાલકો અને રાહદારીઓને રસ્તા ઉપરથી પસાર થવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે ગૌરીવ્રત જેવા તહેવારોમાં અવર જવર કરતી બાળાઓ અને મહિલાઓ પણ ભારે હેરાન પરેશાન થઈ રહી છે. તાત્કાલિક કામકાજ પુર્ણ કરવામાં આવે અને રસ્તા બનાવવામાં આવે તેવી લાગણી અને માંગણી લીમડી નગરમાં ઉઠવા પામી છે.

# શિંદે સરકારમાં રાજ ઠાકરેનો પુત્ર સામેલ થઈ શકે છે, જો આમ થાય તો તેને વિધાન પરિષદના સભ્ય બનવું પડશે

ભાજપ અને શિંદે જૂથના કેટલા ધારાસભ્યો મંત્રી બનશે, તે હજુ સ્પષ્ટ નથી. દરમિયાન, માહિતી સામે આવી છે કે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના વડા રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેને શિંદે સરકારમાં સામેલ કરવામાં આવી શકે છે. અમિત ઠાકરે હાલ કોંકણના પ્રવાસે છે. પ્રવાસ પહેલા તેમની કેબિનેટમાં સામેલ થવાની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. અમિત ઠાકરેના મંત્રી પદને લઈને એનમએનએસ તરફથી પણ પ્રતિક્રિયા આવી છે. મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા કેટલાક દિવસોમાં ઘણી રસપ્રદ ઘટનાઓ બની છે. વધુ ધારાસભ્યો હોવા છતાં ભાજપે એકનાથ શિંદેને મુખ્યમંત્રી પદ આપ્યું. પાર્ટીએ દેવેન્દ્ર ફડણવીસના સ્થાને એકનાથ શિંદેને મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરીને બધાને ચોંકાવી દીધા હતા.



હવે જાણકારી સામે આવી છે કે, એકનાથશિંદે ફડણવીસ સરકારના કેબિનેટના વિસ્તારમાં અમિત ઠાકરેને મોકો મળી શકે છે. જો કે, રાજ ઠાકરે આ વાતની જાણકારી અપાતાં જણાવ્યું કે, આવું કંઈ જ નથી. ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રના રાજકીય સંકટ દરમિયાન રાજ ઠાકરેને ફોન કરી દીધો હતો. જે બાદ એમએનએસએ બીજેપીને સમર્થન આપ્યું હતું. આ માટે આ વાતની ચર્ચા શરૂ થઈ ગઈ છે બીજેપી પોતાના કોટમાંથી એમએનએસને એક મંત્રી પદ આપશે દેખીતી રીતે, એમએનએસના એકમાત્ર ધારાસભ્ય રાજુ પાટીલનું નામ મોખરે હતું. જો કે હવે ભાજપે રાજ ઠાકરેની પાર્ટીને નવી ઓફર આપી હોવાની ચર્ચા છે. ઓફર મુજબ અમિત ઠાકરેને શિંદે-ફડણવીસ સરકારમાં મંત્રી પદ મળી શકે છે. જો કે રાજ ઠાકરેએ આ સમાચારને ફગાવી દીધા હતા.

જો અમિત ઠાકરે મંત્રી પદ સ્વીકારે છે, તો તેમણે વિધાનસભા અથવા વિધાન પરિષદના સભ્ય પણ બનવું પડશે. અમિત ઠાકરેને મંત્રી બનાવવાનું ભાજપનું પગલું શિવસેનાને નુકસાન પહોંચાડવાનું હોઈ શકે છે, કારણ કે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેને શિવસેનાની બાગડોર સંભાળવામાં તૈયાર કરવામાં આવ્યો છે. અને અમિતને કેબિનેટમાં લાવવાની પગલાથી આદિત્ય માટે સીધા પડકાર તરીકે જોવામાં આવે છે. અમિત અને આદિત્ય બંનેને યુવા નેતા તરીકે પ્રોજેક્ટ કરવામાં આવી રહ્યા છે જેથી તેઓ યુવાનોને તેમની છાવણીમાં લાવી શકે.

એકનાથ શિંદે જ્યારે મુખ્યમંત્રી પદની શપથ લીધા બાદ રાજ ઠાકરેએ તેમને શુભકામનાઓ આપી હતી. રાજ ઠાકરેએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, એકનાથ શિંદે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદનું ઉત્તરદાયિત્વ આપ સ્વીકારી રહ્યાં છો. તે વાતની અમને ઘણો આનંદ છે . આશા છે કે સારા કામથી સાબિત કરશો. સાવચેત રહો, સમજી વિચારીને પગલાં લો અને પુનઃ તમને ફરીથી અભિનંદન.

# બાળક છીનવી લઈ પરણિતાને ઘર બહાર કાઢી મૂકતાં સુલેહ કરાવતા અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન ગોધરા

ગોધરા,

એક પરણિતાએ ૧૮૧મહિલા હેલ્પ લાઇનમા કોલ કરી મદદ માગી હતી કે તેનાં પતિ અને સસરાએ ઝગડો કરી ઘર બહાર કાઢી મૂકતાં અભયમ ગોધરા ટીમ દ્વારા અસરકારક કાઉન્સિલગ કરી સાસરીવાળાઓને સમજાવી પારીવારીક ઝગડાંનું નિવારણ કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ ઘાઘોબા પંથકની એક પરિણીતા ઉપર તેનાં સાસરીયાઓ અવાર નવાર ઝગડો કરી ત્રાસ આપતા હતા. બાળક છીનવી લેતાં પરણિતાએ જણાવેલ કે બાળકએક વર્ષનું છે. જે મારા વિના રહી શકે તેમ નથી.

પોતાના બાર માસના બાળકના વિરહમાં રેહતી હોવાથી આખરે માહિલાએ ગોધરા ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈનની મદદ લીધી અભયમ ટીમ ગોધરા દ્વારા તેણીના સાસરી અને પિયરના લોકોને ભેગા કરી ઝગડાનો અંત લાવવા કાઉન્સેલીગ કરવામાં આવતા અને સાસરી વાળાને સમજાવેલ કે આ રીતે પરણિતાને હેરાન કરવી જે ઘરેલુ હિંસા હેતલ ગુનો બને છે. જેથી તેઓને પોતાની ભૂલ સમજાઈ હતી અને માતા સહિત બાળકની કાળજી લેશે તેવી ખાત્રી આપતા પારીવારીક ઝગડાનું સુખદ સમાધાન કરવામાં આવતા પરણીતા એ અભયમ ટીમનો ખુબ આભાર માન્યો હતો.

# બનાસકાંઠા/ડ્રગ્સ ઈન્સ્પેકટર ACBના સકંજામાં સપડાયા

પાલનપુર,

બનાસકાંઠામાં જિલ્લા ડ્રગ્સ ઈન્સ્પેકટર એસીબીના સકંજામાં સપડાયા. ૫ હજારની લાંચ લેતા એસીબીએ છટકું ગોઠવી ઝડપ્યા. હોલસેલ અને રિટેલ દવાના વેચાણના લાઈસન્સ માટે લાંચ માગી હતી. ડ્રગ ઈન્સ્પેક્ટરે વચેટિયા મારફત લાંચ માગી અને સ્વીકારતા ઝડપાયા હતા. એસીબીએ ડ્રગ ઈન્સ્પેકટર અને વચેટિયા સામે કાર્યવાહી હાથ ધરી. પ્રાપ્ત વિગતો અનુસાર પાલનપુરમાં દવાનું વેચાણ કરતા એક દુકાનદારે લાયસન્સ મેળવવા માટે કરેલી અરજીમાં અભિપ્રાય આપવા માટે પાલનપુર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના ડ્રગ્સ ઈન્સ્પેક્ટર ચિત્રાંગ ગિરીશભાઈ પટેલે રૂપિયા પાંચ હજારની લાંચની માંગણી ખાનગી વ્યકિત એટલે કે વચેટિયા એહસાનઅલી દાઉદઅલી તાકોડી મારફતે કરી હતી. જે બાબતે લાંચની માગણી મુજબની રકમ વેપારી આપવા માંગતા ન હોય તેઓએ આ બાબતે પાલનપુર એસીબી પી.આઈ એન.એ. ચૌધરીનો સંપર્ક કર્યોહતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.274

# ગોધરામાં રાત્રીના સમયે ૪ ઈંચ વરસાદ પાડતા ખાડી ફળીયાના ઘરોમાં પાણી ભરાઈ જતા ભારે નુકશાન

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં ભારે વરસાદના કારણે ગોધરા શહેરમાં પણ તેની અસર જોવા મળી હતી. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં વરસાદને કારણે સ્થાનિક લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. શહેરના સિંદુરી માતા મંદિર તેમજ ખાડીફળિયા વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં જવાના માર્ગ ઉપર ઘૂંટણસમા પાણી ભરાઈ જવાની સમસ્યા યથાવત રહી હતી. ત્યારે તેનો કાયમી ધોરણે નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ ઉઠવા પામી છે.



ચિત્રાખાડી વિસ્તારની કફોળી સ્થિતિગઈકાલે રાત્રિના ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જેના કારણે પશ્ચિમ વિસ્તારમાં આવેલી સોસાયટીઓ વરસાદથી ભારે પ્રભાવિત થયા હતા. વરસાદની સૌથી વધારે અસર ગોધરાના ખાડીફળિયા વિસ્તારમાં જોવા મળી હતી. જેમાં આવેલ ચિત્રાખાડી વિસ્તાર પાણીમાં અડધો ગરકાવ થઈ ગયો હતો, એટલું નહીં પણ સોસાયટીમાં રહેતા લોકોના ઘરોમાં પાણી ફરી વળતાં ઘરવખરી પણ પલળી જવાથી ભારે નુકસાન થયું હતું અને આજુબાજુના સોસાયટીના લોકોના રીક્ષા સહિતના સાધનો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.



પાણીનો વ્યવસ્થિત નિકાલ કરવાની રહીશોની માંગ સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, ભલે અમારા ઘરવખરી સામાનનું નુકશાન થયું. અમારે કોઈ સહાય નથી જોઈતી પણ બસ અમારો એક જ અવાજ અમારા વિસ્તારમાં પાણીનો નિકાલ કરી આપો. ૨૦ વર્ષથી આ સમસ્યા વેઠી રહ્યા છે અને વહીવટી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના નક્કર પગલાં લેવામાં આવતા નથી. સ્થાનિક ચુંટાયેલા સભ્યો આવે છે અને આવીને જતા રહે છે. અમારા બાળકો બીમાર પડી જાય છે અને વારંવાર દવાખાનામાં લઈ જવા પડે છે. ચુંટણી વખતે ખાલી વોટ લેવા માટે સ્થાનિક કોર્પોરેટર આવે છે અને વોટ લઈ પાંચ વર્ષ સુધી જોવા મળતા નથી. બીજી બાજુ વરસાદના વધારે પ્રવાહના લીધે રાત્રિ દરમિયાન ઝેરી જીવજંતુઓ નીકળે છે. જેના લીધે રોગચાળો ફાટવાનો ડર રહે છે.

**ગોધરા પંચમહાલ જીલ્લામાં સાંજ ૬ થી સવારે ૬ સુધી નોંધાયેલ વરસાદ**

ગોધરા- ૪ ઈંચ
શહેરા-૧૩ મી.મી.
હાલોલ-૪૦ મી.મી.
કાલોલ-૧૧ મી.મી.
ઘોઘંબા-૪૪ મી.મી.
જાંબુઘોડા-૩.૫ ઈંચ
મોરવા(હ)-૨ મી.મી.

## ગોધરા પ્રાંત અધિકારીના પત્રનો અભ્યાસ કર્યા વગર તત્કાલીન સર્કલ ઓફિસર પાસે નોંધો મંજુર કરવા દબાણ

ગોધરા,
ગોધરા સર્વે નંબર ૧૦૮૮-૧૦૯૨ વાળી સરકાર હિત મિલ્કતોમાં ખોટા દસ્તાવેજો કરનાર સામે નોંધ નંબર ૭૧૦૯૦/૭૧૦૯૧/૭૧૦૯૨/૭૧૦૯૩/૭૧૦૯૪/૭૧૦૯૫ બાબતે અરજદાર દ્વારા વાંધા અરજી આપેલ જે વાંધા અરજી ગોધરા સર્કલ મામલતદાર શહેર મામલતદાર અને જીલ્લા કલેક્ટર પંચમહાલ તરફ પણ વાંધા અરજી આપેલ જે બાબતે વાંધો ગોધરા શહેર મામલતદાર તરફ થી પ્રાંત ગોધરા એન.બી.રાજપૂત સમક્ષ તકરારી કરી મોકલી આપેલ પરંતુ ગોધરા ખાતે જીલ્લાના મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા ઈસમોના ઈશારે ખોટી રીતે પ્રાંત ગોધરા એ વાંધો દફ્તરે કરી લાંચ રૂશ્વત આપી ગોધરા શહેર મામલતદારને મોકલી આપેલ છે. તે પ્રાંત અધિકારી દ્વારા પાઠવેલ બાબતે વાંધો દફ્તરે કરવા તથા રેકર્ડ જોયા તપાસી નોંધો મંજુર કરવા જણાવેલ છે અને પ્રાંત ગોધરા એન.બી.રાજપુતને પાઠવેલ પ્રશ્નો અંગે શહેર મામલતદાર એમ.એમ.ભાભોર દ્વારા પ્રાંત અધિકારી એન.બી.રાજપુત તરફથી પત્રો પાઠવે બાબતે વહીવટીનાતે કોઈ જીણવટભરી કે નજર અંદાજ કરી પ્રશ્નો વર્ણન સમજવામાં મોટા પ્રમાણની લાંચ રૂશ્વત લઈ નોંધ પાડવાનો એસ.એસ.સંગાડા તત્કાલીન સર્કલો ઓફિસરને આદેશો આપવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર દ્વારા વધુ તપાસ તથા ધ્યાને લાવેલ બાબતે કે રેવન્યુ રેકર્ડની નોંધોના વિસંગતતા રેકડી સાબિત થાય છે. તેવો સર્કલ ઓફિસર સંગાડા દ્વારા મેં બધું રેકર્ડ જોયું છે પણ મને એમ.એમ.ભાભોર દ્વારા મંજુર કરવાના આદેશ આપે તેમ છતાં વારંવાર શહેર મામલતદાર એમ.એમ.ભાભોરના કહેવા પર આ નોંધો મંજુર કરેલ છે. જે થવાનું હશે તે જોઈ લેશો તું તારે મંજુર કરી નાખ તેવા તાત્કાલીક સર્કલ ઓફિસર સંગાડા શહેરના શબ્દો છે. આમ, આવી લાંચો લઈ કેટલાક તકરારી કેસોના વાંધા ચડાવતા નથી. જેથી શહેર મામલતદાર એમ.એમ. ભાભોરના સુચનાઓ અને કડક વલણથી નોંધો મંજુર કરેલ છે. આ નોંધો બાબતે ચી.ટુ.કલેકટર કનુભાઈ વસાવા, અધિક કલેકટર એમ.ડી.ચુડાસમા અને મુખ્ય કલેકટર સુજલ મયાત્રા ગુજરાત કેડરના આઈ.એ.એસ. અધિકારી રૂબરૂ મુલાકાત કરી આ બાબતે વિસંગતતા નોંધની રજુઆતો કરેલ છે અને તેવો દ્વારા આગળ થી ડાયરીમાં નોંધ તથા અધિક ક્લેકટરને પણ સુચનાઓ આપેલ આ બાબતે જાગૃત નાગરિક દ્વારા જીલ્લા કલેકટરને નામજોગ રજુઆતો કરેલ બાબતે જીલ્લા કલેક્ટર પંચમહાલમાં મહેસુલી વિભાગો કર્મચારીઓ, અધિકારીઓની લાંબી લાંબી બિલ્ડરો જાણકાર ઈસમો રેકર્ડ ઓફ રાઈટની નોંધો વિર્ષસીતા હોવા છતાં ખોટા દસ્તાવેજો કરી રેવન્યુ રાહે સરકારશ્રીની જમીનોમાં ગેરરીતિઓ આચરેલ છે. જે નોંધો બષાબતે આજદિન સુધી ધ્યાન કેન્દ્રીત કરી સરકારી સેવકો દ્વારા નજર અંદાજ કરેલ નથી. જેથી સર્વે નંબર ૧૦૮૮-૧૦૯૨ રેકર્ડ સાથે વિસંગતતા નોંધો ૭૧૦૯૦ થી ૭૧૦૯૫ બિનખેડુતો તપાસ ચાલુ હોવા છતાં તમામ રેવન્યુ પ્રકારની વિરૂદ્ધ હોય તમામ નોંધો રીવ્યુમાં લેવા તમામ જીલ્લા કલેકટર કર્મચારીઓ, અધિકારીઓ રીવીઝનમાં લઈ શ્રી સરકારનો હુકમ કરશો. આ બાબતે પણ રજુઆતો કન્સનલ ટેબલ પણ કરેલ છે.


## ગોધરા શહેરના વોર્ડ નંબર ૧૧ માં આવેલ કોઝવે ધોવાઈ જતાં રાહદારી અને વાહન ચાલકો પરેશાન



ગોધરા,
ગોધરા શહેરના વોર્ડ નં.૧૧માં આવેલ બહારપુરા થી ગદુકપુર પોલીટિકનીક કોલેજને જોડતા રોડ ઉપર વર્ષો જુનો કોઝ વે ભારે વરસાદને લઈ ધોવાઈ જતાં રાહદારીઓ વાહન ચાલકોને પરેશાની વેઠવી પડી રહી છે.

ગોધરા શહેરમાં ધોધમાર ૧૦ઈંચ જેટલા વરસાદને લઈ ભારે પાણીની આવક થઈ હતી. શહેરના વોર્ડ નં.૧૧માં આવેલ બહારપુરા થી ગદુકપુર પોલીટિકનીક કોલેજને જોડતા રોડ ઉપર વર્ષો જુનો કોઝ વે (પુલ) આવેલ હતો. જે વરસાદી પાણીને લઈ ધોવાઈ ગયો. આ કોઝ વે ઉપર થી પોલીટિકનીક કોલેજના વિદ્યાર્થીઓ અવરજવર કરતા હતા. તેમજ મહાદેવ મંદિર ખાતે દર્શન કરવા આવતાં દર્શનાર્થીઓ ઉપયોગ કરતા હતા. વરસાદને લઈ કોઝ વે તુટી જવાથી આ પુલ ઉપર થી વાહન કે ચાલીને પસાર થઈ શકયા તેમ નથી. ત્યારે રાહદારીઓ તેમજ રહિશોની માંગ છે કે, તાત્કાલીક ધોરણે પુલનું સમારકામ કરવામાં આવે તે જરૂરી છે.

## પંચમહાલ જીલ્લા પાનમ કેનાલ આધારીત ખેતી કરતાં ખેડુતોને ડાંગર રોપણી માટે કેનાલમાં પાણી છોડયું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
પંચમહાલના જીવાદોરી સમાન પાનમ ડેમમાંથી ડાંગરના ધરૂંની વાવણી માટે પાનમ કેનાલ મારફતે ૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. સિંચાઈ કેનાલમા તબક્કાવાર આવનાર દિવસોમાં પાણી છોડવામાં આવશે.

પંચમહાલ જિલ્લાના જીવાદોરી સમાન ગણાતા પાનમ ડેમમાં હાલ પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાની સાથે ચોમાસાની સીઝન ચાલતી હોવાથી આગામી સમયમાં ડેમમાં પાણીની આવકમાં વધારો થઈ શકે તેમ છે. ત્યારે જિલ્લામાં મુખ્ય પાક ડાંગરનો હોવાથી હાલ ચોમાસામાં ડાંગરના ધરૂંની વાવણી માટે પાણીની ખુબ જરૂરિયાત હોવાથી પંચમહાલ જિલ્લામાં પાનમ કેનાલ સિંચાઈ સુવિધા સમાવિષ્ટ ડાંગર પકવતા ખેડૂતોના હિતમાં પાનમ મુખ્ય કેનાલ અને હાઈ લેવલ કેનાલમાં સિંચાઈ માટે પાણી આપવાની રજૂઆતોને ધ્યાને લઈ પાનમ વિભાગ દ્વારા પાનમ ડેમમાંથી પાનમ કેનાલમાં સિંચાઈ માટે ૫૦૦ ક્યુસેક પાણી છોડવાનો સિંચાઈ સલાહકારની મીટિંગમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. જેને લઈને બુધવારના રોજ શહેરા તાલુકામાં આવેલ પાનમ ડેમમાંથી સૌપ્રથમ ૫૦ ક્યુસેક પાણી પાનમ કેનાલ મારફતે છોડવામાં આવ્યું છે. આ પાણી ૨૭મી જુલાઈ સુધી તબક્કાવાર ૫૦૦ ક્યુસેક પાણી ડાંગરના ધરૂંની વાવણી માટે છોડવામાં આવશે. જેનાથી શહેરા, લુણાવાડા, ગોધરા, કાલોલ અને સાવલી તાલુકાના ૮૦ જેટલા ગામોની અંદાજિત ૧૦ હજાર હેકટર જમીનમાં ધરૂં વાવણી માટે ખેડૂતોને ફાયદો થશે અને ડાંગરના પાકને પકવવામાં લાભ મળશે.

## બાકરોલ હરસિદ્ધિ માતાના મંદિરના પાસે થી પસાર થતી નદીના કોઝવેપર કોણ આશીર્વાદથી ફીણના દ્રશ્યો ?

કાલોલ,
કાલોલ તાલુકાના બાકરોલ ગામ હરસિદ્ધિ માતાના મંદિર પાસે આવેલી કરાડ નદીના કોઝવે પર વર્ષોથી ચોમાસાના નવા નીર આવતા જ ફીણના ગોટાના ગોટે ગોટા થી હિમાલય જેવા દ્રશ્યો સર્જાય છે. વર્ષોથી આ અંગે અહેવાલો પ્રકાશિત થવા છતાં પણ હજુ સુધી ચોક્કસ પણે નિકાલ કરવામાં ના આવતા ન હોના કારણે દર વર્ષે ફીણના ગોટેગોટા જોવા મળી રહેતા હોય છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર હાલોલ અને કાલોલ પાસેથી પસાર થતી કરાર નદીના કિનારા ઉપર ચાલતી ફેક્ટરીઓના દૂષિત પાણીને લઈ કરાર નદીનું પાણી દોડવાતા બાકરોલ થી હરસિદ્ધિ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

માતાના જતા માર્ગ પરના કોઝવે પર ફીણના ગોટે ગોટા હિમાલય દ્રશ્ય કોના આશીર્વાદથી સર્જાતા હોય છે ? કંપનીઓ દ્વારા છોડવામાં આવતા દૂષિત પાણીને કારણે નવા નીર સાથે તણાઈ આવેલ જળચર પ્રાણીનો પણ ભોગ લેવાતો હોવાનું સ્થાનિક લોકો દ્વારા જાણવા મળી રહયું છે. નદીમાં ફીણના સર્જાતા દ્રશ્ય સામે પોલ્યુશન વિભાગની બેદરકારીથી સામે આવતી હોવાનું જાણવા મળી રહે છે. વર્ષોથી ફીણ ના ગોટા સામે પ્રશાસનની કામગીરી શું ? તેનો પણ લોક ચર્ચામાં વેગ મળી રહ્યો છે. જોકે, ફીણ પાણીમાં ઉતરી જતા કોઝવે પર રાતા રંગના ફીણ સાથેના રજકણો પણ દ્રશ્યોમાં જોવા મળે છે. કરાડ નદીમાં આવતા દૂષિત પાણીને કારણે નજીકના રહીશોના ઘાસચારો ચડવા દેતા પશુઓને પાણી પીવાથી મૃત્યુ થવાનો ડર રહે છે. અમરનાથમાં દર વર્ષે બરફની શીલાઓ જોવા મળે છે. તેવી જ રીતે બાકરોલ ગામમાં કોઝવે પર ફીણનો હિમાલય જોવા મળી રહે છે. શું ગુજરાત પોલ્યુશન બોર્ડ દ્વારા તકેદારીના ભાગરૂપે તપાસ હાથ ધરી કાર્યવાહી થશે કે કેમ ? તે હવે જોવું રહ્યું...



જાંબુઘોડામાં બુધવાર અને ગુરૂ પૂર્ણિમાના પાવન અવસરે જીલ્લા પંચાયત સદસ્ય કેતુબેન દેસાઈ દ્વારા ગૌરીવ્રત કરતી બાળકીઓને ડ્રાયફુટની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગોધરા વ્હોરવાડ ઢાળ પાસે યુવાન ઉપર ફરિયાદ પાછી ખેંચવા માટે ગંભીર મારમારતાં છ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

ગોધરા,
ગોધરા વ્હોરવાડ ઢાળ પાસે આરોપી ઈસમોએ તારી બહેને કરેલ ફરિયાદ પાછી ખેંચવતો નથી. તેમ કહી ત્રણ ઈસમોએ તલવાર અને લોખંડની પાઈપો વડે મારમારી મોબાઈલ ફોન અને ૨૦હજાર રોકડ લુંટ કરી જતા છ ઈસમો વિરૂદ્ધ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરાના વ્હોરવાડ ઢાળ પાસે એક વ્યકિતને ત્રણ ઈસમો દ્વારા મારમારવાનો વિડીયો વાયરલ થયો હતો. જેમાં ગોધરા મોહમંદી મહોલ્લા મલા કંપાઉન્ડ પાસે રહેતા મહેફુજ ઉર્ફે કચુકો આદમ ઘંત્યાને આરોપીઓ સુફીયાન ઉર્ફે માવજા સીદ્દીક બકકર, આમીર ઈદ્રીશ હઠીલા, બસીર સિદ્દીક મીઠાભાઈ એ ગઈ કાલે બપોરના ૧ વાગ્યાના સમયે મેશરી નદીના પુલ ઉપર રોકયો હતો અને તારી બહેને કરેલ ફરિયાદ પાછી ખેંચાવતો નથી તેમ કહીને સુફીયાને બકકરને તલવાર માથામાં મારવા જતાં ફરિયાદએ હાથ આગળ કરી દેતાં હાથમાં ઈજાઓ થવા પામી હતી. જ્યારે બે ઈસમો લોખંડની પાઈપ વડે હુમલો કરી ગાડીના કાચ તોડી નાખતાં મહેફુજ જીવ બચાવવા નાશવા જતાં વ્હોરવાડ ઢાળમાં રોકીને તલવાર અને પાઈપો વડે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. તેમજ મોબાઈલ ફોન તેમજ રોકડા ૨૦,૦૦૦/-રૂપીયા લુંટ કરી નાશી જઈને ગુન્હો કરતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે સુફીયાન ઉર્ફે માવજા સીદ્દીક બકકર, આમીર ઈદ્રીશ હઠીલા ઉર્ફે ઈદા, બસીર સિદ્દીક મીઠાભાઈ, ઈમરાન લતીફ ગાંજી, ઈસ્માઈલ ઉર્ફે સુલતાન અબ્દુલ રહીમ હાજીવા, આસીફ, ઈદ્રીશ હઠીલા વિરૂદ્ધમાં ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### આકસ્મિક અવસાન થતા તાત્કાલીક સહાય પુરી પાડતી ગુજરાત સરકાર

## મંત્રી નિમિષાબેન સુથારના હસ્તે પરીવારને રૂપિયા ૪ લાખની સહાયનો ચેક કરાયો અર્પણ

ગોધરા,
રાજયભરમાં વરસાદી માહોલ વચ્ચે પંચમહાલ જિલ્લામાં ભારે વરસાદ નોધાતા એકતરફ ખેડુતોમા ખુશીનુ મોજું ફરી વળ્યુ છે જ્યારે બીજી તરફ વિજળી પડવાથી એક વ્યક્તિનું અવસાન થયું છે. આ આકસ્મિક અચાનક ઘટના બનતા એક માતાએ પોતાના પુત્ર અને એક પત્નીએ પોતાના ઘરના મોભીને ગુમાવ્યો છે તેનો ભારેરંજ છે. છત્ર ગુમાવ્યા છતા આર્થિક સહાયનું છત્ર સરકાર તરફથી તાત્કાલીક સહાય મળતા દુઃખના ઘાવ પર રાહત થઈ છે. કુદરત કોઈને આવું દુઃખ ન આપે પણ જો કદાચ આવી પડે તો સરકારની સહાય પરીવાર માટે આશિર્વાદ સમાન સાબીત થાય છે.

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના અગરવાડા ગામના ડુંગરભીત ફળીયામાં રહેતા ૩૮ વર્ષીય રાઠોડ મહેશસિંહ રણજીતસિંહ પોતાના



પશુઓને ચરાવવા ગયા હતા. તે દરમિયાન અચાનક તેમના પર વિજળી પડવાથી ઘટનાસ્થળે અવસાન થયું હતું. આ પશુપાલક પરિવારની વાત તેમના ભાવથી દિલથી મુખે થી વેદના સાથે સંવેદના જાણીએ.

તેમના ધર્મપત્ની સુરજબેન મહેશસિંહ રાઠોડ જણાવે છે કે, તેઓ પોતાના પરીવાર સાથે અગરવાડા ગામના ડુંગરભીત ફળીયામાં રહે છે. અમો ખેતી તેમજ પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ છીએ. મારા પતિ ગત ૦૩ જુલાઈના રોજ ગામની બાજુમાં આવેલા કોતરમાં અમારા પશુઓને ચરાવવા ગયેલ હતા. ત્યાં અચાનક વરસાદની સાથે વિજળી પડવાથી તેમનું અવસાન થયું હતું. તેની જાણ થતા ગામના તલાટી અને મામલતદારએ અમારી ગૃહ મુલાકાત લઈને જરૂરી વિગતો મેળવી સરકારમા અહેવાલ મોકલ્યો હતો. તે અનુસંધાને રાજ્ય આરોગ્યમંત્રી નિમિષાબેન સુથાર અને વહિવટી તંત્ર દ્વારા સમયસર અમોને સહાય મળે તેવા પ્રયત્નો કર્યા હતા. જેનો રૂપિયા ૦૪ લાખની સહાયનો ચેક મંત્રીના હસ્તે અમોને મળ્યો છે. સરકાર દ્વારા મળેલ આ સહાય થકી અમારા પરીવાર પર આવેલી કુદરતી આફત માંથી બહાર નિકળવામાં ઘણી જ મદદ મળશે. આ સરકારની આવી ઉદારદીલી નિતી ખૂબજ સારી છે, જે એક સુરક્ષા છત્ર પુરૂ પાડે છે. જેઓની આર્થીક પરિસ્થિતી સારી ન હોય તેમને સરકારની આવી તત્કાળ સહાય ઘણી લાભદાઈ સાબિત થાય છે તથા નીરાધાર થયેલા કુંટુંબના માણસો માટે સહાય આર્શીવાદ રૂપ બને છે. જે પાછળની જીંદગીમાં સહારો હૂંફ પુરી પાડે છે. આ સરકારી સહાય ખૂબજ સરાહનીય છે. તેમણે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

## લાભી ગામમાં પાણી ભરેલા ખેતરમાં આવી ચઢેલા મગરનું સલામત રીતે રેસ્કયુ કરાયું



શહેરા,
શહેરા તાલુકાના લાભી ગામના એક ખેતરમા મગર એ દેખા દેતા સ્થાનિક ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામવા સાથે વન વિભાગને જાણ કરાઈ હતી. વન વિભાગની ટીમ દ્વારા મગરને ભારે જહેમત બાદ પકડી પાડીને સુરક્ષિત જગ્યાએ છોડી મૂકવામાં આવ્યો હતો.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં છાસવારે સરીસૃપો સાપ, મગર, અજગર રહેણાક વસાહતોમાં આવી જતા હોય છે. ત્યારે તાલુકાના લાભી ગામના સોલંકી ફળિયા પાસે આવેલા સુરમલભાઈ નામના ખેડુતના ખેતરમાં મગર જોવા મળતા ખેતરની આજુબાજુ કામ કરતા લોકો એકત્રિત થઈ ગયા હતા. મગર પાણી ભરેલા ખેતરમાં ઝાડીં ઝાખરામાં છુપાઈ જતા ખેડૂત દ્વારા શહેરા વનવિભાગને જાણ કરવામા આવી હતી. વનવિભાગની ટીમ દ્વારા ખેતરમાં ફરી રહેલ મગરને પકડવા માટે અનેક પ્રયાસો કરવા છતાં મગર પાણી ભરેલા ખેતરમાં હોવાથી પકડમાં આવી રહયો ના હતો. વન વિભાગની ટીમે ભારે જહેમત બાદ વાસંની મદદથી મગરને ખેતરના છેવાડે લાવીને તેને ગાળિયામાં ભેરવી દઈને સલામત રીતે પકડી લેવામાં આવ્યો હતો. વન વિભાગની ટીમે પકડી પાડેલા મગરની લંબાઈ અંદાજીત પાંચ થી છ ફુટ હોવા સાથે વાહનમાં મુકીને સુરક્ષિત છોડી મૂકવામાં આવ્યો હતો. જયારે ખેતરમાં મગર જોવા મળ્યા હોવાની વાત વાયુવેગે પ્રસરી જતાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. નોધનીય છે કે, શહેરા તાલુકામાં આવેલા તળાવોમાં મગરોની વસ્તી બહોળા પ્રમાણમાં જોવા મળતી હોય ત્યારે ઘણીવાર ખોરાકની શોધમાં મગર રહેણાક વિસ્તારોમાં આવી જતા હોય છે.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરા તાલુકાના નદીસર ગામે મહાજન ઈંગ્લીશ સ્કુલ ખાતે બપોર બાદ શાળા પ્રાંગણમાં વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું. જેમાં આમળા, શતાવરી, અરડૂસી જેવા આયુર્વેદિક છોડ સહિત અલગ અલગ સો જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતાં. જયારે ગૌરી વ્રત નિમિત્તે રંગોળી સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આયુર્વેદિક છોડ તેમજ માનવીના જીવનમાં વૃક્ષોના મહત્વ અંગે સમજાવવામાં આવ્યું હતું.